जानेवारी

જાન્યુઆરી ૨૦૨૩

# દાદાવાણી

લગ્નજીવન દીપાવવું હોય,
તો સંયમી પુરુષની જરૂર છે.
આ બધા જાનવરો અસંયમી કહેવાય.
આપણું તો સંયમી જોઈએ.
આ જે આગળ રામ ભગવાન ને એ બધા થઈ ગયા,
તે બધા પુરુષો સંયમવાળા,
સ્ત્રી સાથે સંયમી !



ભરૂચ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૨ - ૨૩ નવેમ્બર ૨૦૨૨



સુરત : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૫ થી ૨૭ નવેમ્બર ૨૦૨૨



મોર્નિંગ વૉક

વલસાડ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૯ - ૩૦ નવેમ્બર ૨૦૨૨



દાદા દર્શનની મુલાકાતે

અડાલજ : પૂજ્ય નીરુમાનો જન્મદિવસ : તા. ૨ ડિસેમ્બર ૨૦૨૨




શોભાયાત્રા

વિધિ

ભક્તિ

વર્ષ : ૨૮, અંક : ૫
સળંગ અંક : ૩૨૯
**જાન્યુઆરી ૨૦૨૩**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2023
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન : 9328661166-77**
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત : ૧૦૦૦ રૂપિયા**
**વાર્ષિક સભ્ય**
**ભારત : ૨૦૦ રૂપિયા**
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## વિષય-કષાયના સંયમથી દીપે લગ્નજીવન

### સંપાદકીય

અક્રમમાર્ગે સંસારીઓને પણ મોક્ષમાર્ગ પમાડનાર આ કાળના અગિયારમા આશ્ચર્ય સમાન જ્ઞાની પુરુષ પરમ પૂજ્ય 'દાદા ભગવાન', આપણા જેવા રખડી પડેલા, સંસારમાં રહેનાર જીવોને મોક્ષમાર્ગ નિર્વિઘ્ને પૂરો કરાવવા અર્થે જ જાણે પોતે સંસારી વેશે ના પ્રગટ્યા હોય ! આ કળિકાળમાં 'અસંયતિ પૂજા' નામનું ધીટ આશ્ચર્ય સર્જાયું અને 'દાદા ભગવાન' ગૃહસ્થ વેશે જ્ઞાની પ્રગટ્યા.

પરમ પૂજ્ય દાદાશ્રીને અર્થાત્ 'અંબાલાલ'ભાઈને પૂર્વપ્રેરિત ઉદયના આધારે પરણવાનું ઉદયમાં આવ્યું, પરંતુ લગ્નની ચોરીમાં વૈરાગ્ય ઉત્પન્ન થયેલો. દાદાશ્રી કહે છે, 'હું સંસારમાં રહીને આત્માનું કરીશ, પણ પૈણ્યા વગર નહીં ચાલે. અમે સંસારમાં રહીને ટેસ્ટ એક્ઝામિનેશન પાસ કરીશું.'

પ્રસ્તુત અંકમાં દાદાશ્રીના લગ્નજીવન દરમ્યાન ઉદયમાં આવેલા કષાય-વિષય સંબંધી અમુક પ્રસંગો અહીં તારવેલા છે. લગ્ન બાદ નાની ઉંમરમાં હીરાબા સાથે અમુક વર્ષો સુધી પોતાના અહંકારને કારણે અણસમજણમાં થયેલ કષાયો બત્રીસ વર્ષ સુધી ચાલ્યા હતા, એની વાતો દાદાશ્રી નિખાલસતાથી ખુલ્લી કરે છે. પરંતુ પોતે પૃથક્કરણ કરી, બોધકળાથી કષાયોમાંથી કાયમી છૂટ્યા. પત્ની જોડેના સંસારના અનુભવ લીધા પછી તારણ કાઢી શોધખોળ કરી હતી કે વિષય સંબંધને લીધે હીરાબા જોડે આ અથડામણ થતી હતી. છેવટે હીરાબા સાથે બ્રહ્મચર્ય અંગે વાતચીત કરી સમાધાનપૂર્વક વિષય બંધ થયા. આમ સમજણના સાંધા વડે મતભેદોથી મુક્ત થઈ એમણે હીરાબા સાથેનું સંપૂર્ણ કષાય-વિષયરહિત જીવન દીપાવ્યું.

લગ્નજીવન તો બધા જીવી જાય છે પણ લગ્નજીવન દીપે ક્યારે ? એનો સાર સમજાવતા જ્ઞાની કહે છે કે સર્વ પ્રકારના અનુભવોને લઈને છેવટે મનુષ્ય જીવનનો એકમાત્ર ધ્યેય મોક્ષ હોવો ઘટે. અક્રમ વિજ્ઞાન ગેરન્ટી આપે છે કે ગૃહસ્થ જીવનમાં સ્ત્રી હોય છતાં મોક્ષે જઈ શકાય ! દાદાશ્રી જે માર્ગે ચાલ્યા એના અનુભવોનું તારણ આપે છે, કે સીધું જ પોતાના હક્કનો વિષય છોડવાનો કહીએ તો બહાર પાછું બગડી જાય. માટે આપણે સમજણનો રસ્તો લેવો. જેમ કે પત્ની સાથે કષાયરહિત વ્યવહાર અને વિષય સુખની માન્યતાને છેદવાની સમજણ ભેગી કરી કાયમી ઉપાય કરીએ.

જીવનના સામાન્ય પ્રસંગોમાં અસામાન્ય રીતે જીવી જાણનાર દાદાશ્રી બહારના અલૌકિક વ્યવહાર સાથે અંદરની વીતરાગ દશા પામી ગૃહસ્થ વેશે જ્ઞાની પદ સુધી પહોંચ્યા. તેઓ જે રીતે આ સંસારમાં રહીને પણ કષાય-વિષય પર સંયમ કેળવી શક્યા એવી રીતે આપણે સહુ મહાત્માઓ પણ સમાધાનપૂર્વક આ વિષય-કષાય ઉપર સંયમ કેળવી આત્માર્થે પુરુષાર્થની શ્રેણીઓ માંડીએ એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# વિષય-કષાયના સંયમથી દીપે લગ્નજીવન

## મોક્ષે જતાં સંસાર નડતો નથી

**પ્રશ્નકર્તા :** દાદા, આપે સંન્યાસ કેમ ના લીધો ?

**દાદાશ્રી :** સંન્યાસ તો, એવો ઉદય જ નહોતો. એમ નહોતું કે સંન્યાસ ઉપર મને ચીડ છે, એવું નહીં પણ એવો ઉદય કોઈ જાતનો મને દેખાયેલો નહીં. અને હું એમાં માનવાવાળો હતો કે સંસાર મોક્ષે જતાં નડતો ન હોવો જોઈએ. એ માન્યતા મારી દૃઢ હતી. સંસાર નડતો નથી, અજ્ઞાન નડે છે ! હા, ભગવાનને આ ત્યાગ માર્ગનો ઉપદેશ કરવો પડે છે, એ સામાન્ય ભાવે કરવો પડ્યો છે. એ કંઈ વિશેષ ભાવે નથી કર્યો. વિશેષ ભાવ તો એવો છે કે સંસાર નડે એવો નથી, એવું અમે ગેરેન્ટીપૂર્વક કહીએ છીએ.

**પ્રશ્નકર્તા :** દાદા, તમે પૈણ્યા ત્યારે ઉંમર કેટલી હતી ?

**દાદાશ્રી :** મારી ઉંમર હતી પંદર વર્ષની. પણ એ તો મોટો કહેવાય તે વખતમાં.

## પૈણવાના સમયે આવ્યો વિચાર રંડાપાનો

**પ્રશ્નકર્તા :** દાદા, તમને પરણતી વખતે પેલો વિચાર આવેલો, એની વાત કરો ને ?

**દાદાશ્રી :** હા, એટલે અમે તે દિવસે નાની ઉંમરના. અમે નાના છોકરાની ઉંમરમાં પૈણેલા, પંદર વર્ષે. તે વહુ જોવાની મહીં ઈચ્છા થયા કરે, 'કેવી દેખાય છે, કેવી નહીં !' તે આમ આમ જોવા ગયો, તે પહેલા ફેંટો આડો આવ્યો. પછી શી રીતે જોવું તે ?

હવે ચોરીમાં પૈણવા બેઠા હોય તે માણસની ઈચ્છા શું થાય ? સામી બૈરી બેસાડી હોય એટલે જોવાનું મન થાય, ના થાય ?

**પ્રશ્નકર્તા :** થાય, થાય.

**દાદાશ્રી :** હું તો રોફથી પૈણવા બેઠેલો. નવો-નવો ફેંટો પહેરેલો, તે ખસી ગયો. જૂનો હોય તો ખસે નહીં, પણ નવો હતો ને ઉપર ખૂંપ આવ્યો. અમારે પાટીદારના, ક્ષત્રિયોના ખૂંપ એટલે બહુ ભારે હોય, મોટા-મોટા ફૂલના. તે ઉપર ચઢાવેલો, તે પેલો ફેંટો ખસી ગયો. તે અહીં (આંખ) સુધી આવી ગયો. આ દેખાતા તો છે નહીં, હવે શું જોઈશું આપણે ? જોવા તો પડે ને એમને, સામા બેઠા હોય તો. પૈણવા આવ્યા છે, તો પૈણનારને જોવા પડે ને, ના જોવા પડે ? દેખાયા નહીં એટલે આમ ખુલ્લું કરીને જોયા એમને. શું થાય બળ્યું ? ગૂંચાઈએ ને ! તે ઘણું ઊંચું કરું પણ ખસી જાય પાછું. શું થયું છે તે તો લોકોને કંઈ ખબર નહીં અને હું ગૂંચાયા કરું.

પણ મહીં બ્રેઈન (મગજ) છે તે વૈજ્ઞાનિક, તે મહીં વિચાર આવ્યો કે આ લગ્ન તો કરીએ છીએ પણ બેમાંથી એક જણને રાંડવું પડશે ને ! એમને રંડાપો આવે, કાં તો મને આવે. તે દહાડે વિચાર આવેલો. આ લગ્ન થતી વખતે આવો વિચાર ના આવે. વૈજ્ઞાનિક બ્રેઈન એટલે આવા આવા વિચાર આવે કે બળ્યું, આ આપણે પૈણવાના તો ખરા, પણ રાંડવાનું તો ખરું ને પાછું ! બેમાંથી એક જણ તો રાંડશે જ ને ! એય વિચાર આવ્યો. આવો વિચાર આવે નહીં લોકોને, નહીં ?

**પ્રશ્નકર્તા :** ના, આવો વિચાર ના આવે. પણ પૈણતી વખતે તો પૈણ ચઢેલું હોય, કેટલો બધો મોહ હોય ! એમાં આવો વૈરાગ્યનો વિચાર કંઈથી ?

**દાદાશ્રી :** ના, તે વખતે વિચાર આવ્યો કે આ મંડાયું ને પછી રંડાપો તો આવશે બળ્યો ! બેમાંથી એકને તો રંડાપો આવશે. કાં તો એમને આવશે, કાં તો મને આવશે.

પ્રશ્નકર્તા : એટલે પછી લગ્નનો આનંદ જતો રહ્યો એ વિચારથી ?

દાદાશ્રી : આનંદ તો હતો જ નહીં. અહંકારનો જ આનંદ હતો, 'હું, હું...' મોહનો આનંદ નહોતો, અહંકારનો. 'હું કંઈક છું, હું કંઈક છું' તેનો આનંદ હતો. લોકોને મોહનો આનંદ હોય.

એટલે પછી એ એના મોહમાં ને આપણે અહંકારમાં, હં... હં... પણ છેવટે પૈડું ભાંગી જવાનું. ત્યારથી જ મને ખબર, કે 'આ રંડાપો આવવાનો.' પછી શું થાય આપણને ?

એટલે એ વિજ્ઞાન હાજર થયું. પૈણવાનો મોહ તો ખરો જ, પણ એ મોહમાં આ વૈરાગેય ઊભો રહેલો. પણ સજ્જડ મોહ નહીં. સજ્જડ મોહ હોય તેને કશુંય વિચાર ના આવે ને !

## જબરજસ્ત વૈરાગ્ય, છતાં પરણવાનો ઉદય

અમારે લગ્ન થયા, ત્યારે અમને થયેલું કે બેમાંથી એકને તો રાંડવાનું જ છે ને ! પણ રાંડવાનો બિઝનેસ (ધંધો) સહન થઈ શકશે તેથી શાદી કરેલી. આ લગ્નનો મોહ શાને ? દરેક અવતારમાં સ્ત્રી અને પુરુષ, દેવોમાંય સ્ત્રી અને પુરુષ, જાનવરમાંય સ્ત્રી અને પુરુષ, તોય તે મોહ છૂટતો નથી, એ જ માયા ને !

હવે લગ્ન વખતે આ વિચાર, એટલે એટલો બધો વૈરાગ, જબરજસ્ત વૈરાગ દુનિયા ઉપર ! પણ છતાંય પૈણ્યાને જો ! ભરેલો માલ, હીરાબાના ખાતાનો માલ ભર્યો હતો. નહીં તો સાધુબાવા થાત, પણ એય માલ, એય મોહ છે એક જાતનો ! એય મોહ અને આય મોહ, બન્નેય મોહ છે. એટલે હું આ મોહને વધારે પસંદ કરું છું. આ ટેસ્ટ એક્ઝામિનેશન છે. જગતમાં રહીને કાર્ય પૂરા કરે તે ટેસ્ટેડ અને પેલું તો કસરતશાળા એટલે મનને મજબૂત કરવા જવાનું અને પાછું અહીં તો આવવાનું જ.

## જ્ઞાન પહેલા પણ પરિણામલક્ષી દૃષ્ટિ

પ્રશ્નકર્તા : આપને પરણતા જ આવો વિચાર કેમ આવ્યો ?

દાદાશ્રી : પૈણતી વખતે જ મને એવો વિચાર આવ્યો, કાં તો એમને રાંડવું પડશે, કાં તો મારે રાંડવું પડશે. પણ સરવૈયું તો આ જ આવશે. એવો વિચાર તો પૈણતી વખતે ના આવે, કોઈનેય ના આવે. જનમથી અમને આ ગુણ, તે પરિણામ તરત પકડે. આનું શું પરિણામ છે એ ખબર જ પડી જાય. શું થાય ?

પ્રશ્નકર્તા : ખબર પડી જાય.

દાદાશ્રી : જગતને પરિણામ ના ખબર પડે, કાર્ય કરે જાય. એનું પરિણામ શું આવશે એવું બધામાં બધી વાતનો ખ્યાલ ના હોય, અમુક બાબતનો ખ્યાલ હોય. અને અમને દરેક બાબતમાં ખ્યાલ આવે. પરિણામ એટલે કાં તો એ રાંડશે ને કાં તો હું રાંડીશ. પણ રાંડવું તો પડે જ ને, બેમાંથી એકને ? ગાડું ભાંગે પછી શું મઝા આવે ? પણ શું થાય તે ? પણ પૈણવું તો પડે ને ?

પ્રશ્નકર્તા : આપની સમજ જ્ઞાન પહેલાની આવી જ હતી ?

દાદાશ્રી : બધી બહુ સમજ હતી. એટલે ત્યારથી જ કશામાં રુચિ જ નહીં. એટલે આ મુશ્કેલીઓ આગળ આગળની દેખાયા કરે કે આમ મંડાણ તો થાય છે, મંડાપો ઊભો થશે, પછી તે બેમાંથી એક જણને રંડાપો આવવાનો કે નહીં ? માંડે એ રાંડે. બેમાંથી એક જણને રાંડવું પડે કે ના પડે ? તમને કેમ લાગે છે ? તો આ જોખમદારી લેવાની જ છે ને ? તે મને ત્યાં આગળ વિચાર આવ્યો, બળ્યો ! આ ક્યાં ફસામણમાં પેઠા ? એટલે મને આ બધું નહોતું ગમતું.

## ગયા ભવની ભાવનાનું પરિણામ

પ્રશ્નકર્તા : દાદા, તમને પરણતી વખતે

આવો વિચાર આવેલો એટલે ખરેખર કેટલો બધો વૈરાગ હતો, તો પણ આ પરણવાનું કેમનું ઉદયમાં આવ્યું ?

**દાદાશ્રી :** એ બધી અમારી પહેલા ભાવના હતી ને !

**પ્રશ્નકર્તા :** ભાવના કરેલી ગયા અવતારમાં ?

**દાદાશ્રી :** હા, આ હીરાબા એ અમારી ભાવના પ્રમાણે જ મળેલા. વહુ આવી હોવી જોઈએ, જે મારા સામી ના થાય. મને મુશ્કેલીમાં મેલે નહીં. કોઈ દહાડો મેં તો એમના તરફથી અક્ષરેય સાંભળ્યો નથી.

અમે તો અમારી મેળે નક્કી કરેલું કે 'પૈણવું છે કે કુંવારા રહેવું છે ? તો ભઈ, પૈણ્યા વગર ના ચાલે. હું કરીશ ખરો આત્માનું, પણ મને પૈણ્યા વગર નહીં ચાલે. પાછો સંસારમાં રહીને કરીશ.' કોઈ પૂછનાર નથી, આપણો ને આપણો નિશ્ચય જ છે. ત્યારે કહે, 'કેવી જોઈશે ?' આપણે પૂછીએ કે 'મારા હાથમાં છે, કેવી જોઈશે તે ?' ત્યારે કહે, ''બધું તમારા હાથમાં છે, આ તમારી દુનિયા 'તમે' ક્રિએટ કરી (બનાવી) છે. તમને જે ભેગું થાય છે, એના તમે 'પોતે' જ ક્રિએટર (બનાવનાર) છો.'' એટલે 'મારા હાથમાં છે સ્ત્રીનું ? મારા હાથમાં શાથી ? મારી સત્તામાં છે ?' ત્યારે કહે, 'પુણ્ય તમારું જ વપરાવાનું છે. તે તમારું આટલું પુણ્ય છે. તમારે જેમાં જેમાં વાપરવાનું હોય એ નક્કી કરી નાખો.'

'બોલો, સ્ત્રી જોઈશે ?' ત્યારે કહે, 'એ તો જોઈશે.' 'તો કેવી જોઈશે ? ગમે એવી ચાલશે ?' 'ના, ગમે એવી નહીં ચાલે, રૂપાળી જોઈશે.' જો એમાં વધારે ટકા ગયા. રૂપાળી કહ્યું ને, શરત કરીને એટલે એમાં પુણ્યના વધારે ટકા ગયા.

પછી 'હાઈ લેવલના (ઊંચા સ્તરના) કુટુંબની જોઈએ ?' તો કહે, 'ના ભઈ, હાઈ લેવલના કુટુંબની તો પછી બહુ હોશિયાર થઈ ગયેલી હોય ને, તો મને હઉ દબડાવે. હું તો ભલો-ભોળો માણસ.' એ લોકો મને ભગવાન જેવા માનતા હોય ત્યાં પૈણવાનું એટલે ત્યાં પૈણ્યો. હું શું કહેતો હતો કે મારે ડેવલપ્ડ સ્ત્રી નહીં જોઈએ. ડેવલપ હું કરી દઈશ. મને અનુકૂળ આવે એવી સ્ત્રી જોઈએ. મારે ડેવલપ્ડ એટલે હાઈ કુટુંબની નહીં જોઈએ અને બન્યુંય એવું પછી.

## અણસમજણમાં થયેલા તોફાન

**પ્રશ્નકર્તા :** દાદા, હીરાબા આવા સાવ સીધા-સાદા મળ્યા, તે તરત એક્સેપ્ટ (સ્વીકાર) થઈ ગયા કે પછી એમનામાં ઊણપ દેખાઈ ?

**દાદાશ્રી :** શરૂઆતમાં મારો અહંકાર જબરો હતો, તે પેલા પચ્ચીસ ફ્રેન્ડના ટોળામાં ફરીએ ત્યારે મનમાં એમ થાય, કે બધાની સ્ત્રીઓ સિનેમામાં જોડે આવે છે, બીજી વાતચીત કરે, ફ્રેન્ડ જેવી રહે છે અને મારે આવી ક્યાંથી આવી ? એટલે મને ચેન નહોતું પડતું. પછી તો ભાઈબંધો મને શું કહે, ''તમારા જેવો સુખિયો કોઈ નથી. જુઓને, તમારા પત્ની કશું સામું બોલતા નથી. કોઈ દહાડો સામું બોલ્યા નથી. તમે કહો 'ચા', તો તરત બનાવીને આપી જાય.'' તે આ મહીં હિસાબ તો ખરો કરી રાખેલો ! ભાઈબંધોને ક્યાં આગળ એની વાઈફ કડવી લાગે છે, તે મને ખબર નહીં. હું તો એની મીઠાશ જોઉ ઉપરથી, પણ ભઈબંધને મહીં કડવી લાગતી હશે ! તે તો એ જાણે, એમના અનુભવ એ જાણે. તેથી જ તો મને કહે કે 'તમે ખરા સુખિયા છો.'

બધા મિત્રો સિનેમા જોતા થયા અને મને સિનેમા જોતા શિખવાડ્યું. અને પછી તો એટિકેટ ખોળવા માંડ્યો. સિનેમામાં આ બધી સ્ત્રીઓ એટિકેટવાળી અને આ ઘરમાં એટિકેટ નથી. ગયા અવતારમાં આ સહી આવી કરેલી અને આ હું ફરી ગયો અહીંયા. એટલે એના થોડા મતભેદ થવા માંડ્યા, ભાંજગડ થવા માંડી. એમના તરફ

ક્રુઅલ (કઠોર) નજર રહેવા માંડી. પછી પાછલો હિસાબ સાંભર્યો કે બીજું શું ખોટું છે ? આ તો શેના આધારે, તમને આ ઘરમાં કંઈથી ભૂત પેઠું આ ? પહેલા ભૂત હતું નહીં. આ તો વડોદરા આવ્યા પછી થયું, આ ભૂત પેસી ગયું. માટે ભૂત બહારનું પેઠું છે. આપણે ભૂત કાઢો આ ! એટલે પાછું કાઢી નાખ્યું બધું.

આ ભાંજગડ હતી તે બધી નીકળી ગઈ, જ્યારે સમજણ આવી ત્યારે. અણસમજણમાં બધા તોફાન કર્યા.

## ધણી માની ફસાયા, પાર્ટનર સમજી છૂટ્યા

પચ્ચીસમે વર્ષે ડખોડખલ વધારે હતી અને ધીમે ધીમે ડખોડખલ ઓછી થતા તેત્રીસમે વર્ષે ખલાસ થઈ ગઈ. કારણ કે પહેલા સમજણ નહીં એટલે ડખો પેસી ગયો હતો.

**પ્રશ્નકર્તા :** દાદા, કેવો ડખો હતો તમારે ?

**દાદાશ્રી :** લોકોએ સમજણ કેવી પાડેલી કે ધણીએ તો બૈરીને ઠેકાણે જ રાખવી પડે. એટલે હું મારી જાતને ધણી માની બેઠો હતો. ધણી ! ખેતરનાય ધણી, જમીનના ધણી અને સ્ત્રીના પણ ધણી ! તે હું મારી જાતને ધણી માની બેઠો હતો, તેનો ફસાયો હતો. પછી ખબર પડી કે આ તો ધણી નહોય, આ તો આપણે પાર્ટનર (ભાગીદાર) છીએ, વી આર પાર્ટનર. એટલે પછી મેં એમને કહ્યું કે 'ઘરનું કામ તમારે સંભાળી લેવું, રસોડાનું, અને બહારનું કામ મારે સંભાળી લેવાનું. તમારામાં મારે ડખલ નહીં કરવાની, મારામાં તમારે ડખલ નહીં કરવાની.'

શાસ્ત્રકારોએ કહ્યું છે કે ધણીપણું કરશો નહીં. ખરેખર તમે ધણી નથી, આ તો પાર્ટનરશીપ (ભાગીદારી) છે. એ તો અહીં વ્યવહારમાં બોલાય છે, કે વહુ ને વર, ધણી ને ધણિયાણી ! બાકી ખરેખર પાર્ટનરશીપ છે. ધણી છો, એટલે તમારો હક્ક-દાવો નથી. તમારે દાવો ના કરાય, સમજાવી-સમજાવીને બધું કામ કરીએ.

## અણસમજણમાં પડેલા મતભેદો

અમે હઉ અમુક ઉંમર સુધી સાણસી લઈને આમ ફટ દઈને ફેંકતા'તા. આબરૂદાર લોક ને ! ખાનદાન ! છ ગામના પટેલ ! પછી ખબર પડી કે આ મારી ખાનદાની નીકળી ગઈ ! આબરૂ લિલામ થઈ ગઈ ! સાણસી મારી ત્યાંથી આબરૂ લિલામ ના થઈ કહેવાય ? સ્ત્રીને સાણસી મારે આપણા લોક ? અણસમજણનો કોથળો ! તે કશું બીજું ના જડ્યું તો સાણસી મારી ! આ તે કંઈ શોભે આપણને ?

અમારે પહેલા મતભેદ બહુ પડતો'તો. કારણ અણસમજણ હતી ને ! તેમાં પાટીદારિયા લોહી અને અણસમજણ બે ભેગું થાય, પછી શું થાય ? સાણસી છૂટી મારે. સમજણ જ નહીં ને બળી ! પછી અનુભવ થયો કે આ ભૂલ કરી રહ્યા છીએ. કઈ પ્રકારની ભૂલ કરી રહ્યા છીએ ? આ ભૂલ આપણને ન શોભે. શાસ્ત્રો વાંચ્યા, બધું વાંચ્યું, પછી ખબર પડી કે આ તો ભૂલ થઈ રહી છે ! આવી ભૂલ કેમ ચાલે ? ઘરના માણસને દુઃખ કેમ દેવાય ? આ તો લોકોનું કહેલું સાંભળીને બધું કરેલું. 'બૂધે નાર પાંસરી' એવું કહે આપણા લોક ! હવે તે ઘોર અજ્ઞાનતા ! પછી એમની જોડે રાગે પડી ગયું. પછી ચાલીસ વર્ષથી મતભેદ નહીં પડેલો. કારણ કે મેં હિસાબ કાઢ્યો કે એ ઘર ચલાવે છે. તે એમને આટલા રૂપિયા આપી દેવા. એટલે ઘર ચલાવે એ બધું. પછી આપણે હિસાબ-બિસાબ પૂછવો નહીં અને આપણા મહીં એ હિસાબ ના પૂછે. પોતપોતાના ડિવિઝનમાં (વિભાગમાં) જુદું જુદું રાખેલું સારું. એટલે મતભેદ ના પડે બને ત્યાં સુધી.

### બુદ્ધિથી પૃથક્કરણ કરી ભાંગી ભૂલ

હું પચ્ચીસ વર્ષનો હતો ને, ત્યારથી તપાસ કરતો'તો. આ લાઈફ મારી બહુ ખરાબ હતી, ત્રીસ-બત્રીસ વર્ષની ઉંમર સુધી વાઈફ જોડે ઝઘડા-તોફાન !

**પ્રશ્નકર્તા :** પત્નીથી તમે એકદમ છૂટા ક્યારે થયા ?

**દાદાશ્રી :** ના, ક્યારેય નથી થયા. હજુય ભેગા છીએ.

**પ્રશ્નકર્તા :** એમ ?

**દાદાશ્રી :** હજુ ભેગા છીએ. એ ત્યાં (મામાની પોળમાં) રહે છે ને હું અહીં (કોઠી વિસ્તારમાં નવા મકાનમાં) રહું છું. જુદા રહીએ પણ વઢવાડ નથી કોઈ જાતની. રોજ ભેગું થવાનું. મતભેદ જ નહીં ને, ભાંજગડ જ નહીં.

મેં મારે ઘેર ભૂલ કાઢી નાખી, ત્યારે મને 'ડાહ્યો થયો' કહે. આજ પિસ્તાળીસ વર્ષથી મતભેદ નામેય નથી. મેંય બહુ દહાડા પોલંપોલ ચલાવેલું, હં કે ! ત્રીસ-બત્રીસ વર્ષનો થયો ત્યાં સુધી તો ચીઢાતો. પછી બહુ વિચાર કર્યો. મેં કહ્યું, 'આ શું છે આની પાછળ, કૉઝિઝ શું છે ને આ કેમ આમ છે ?' સમજવું પડે કે ના સમજવું પડે ?

**પ્રશ્નકર્તા :** સમજવું પડે.

**દાદાશ્રી :** આ આપણી ભૂલ ને, મૂર્ખાઈ-ફૂલિશનેસ છે, આ વઢંવઢા ને એ બધું તો.

**પ્રશ્નકર્તા :** તે આ કઈ સમજણથી બંધ થઈ ગયું, દાદા ? એ ઉંમરે જ્ઞાન તો નહોતું.

**દાદાશ્રી :** ના, આમ જ્ઞાન નહોતું પણ આમ બુદ્ધિકળા બહુ સારી ચાલે. બુદ્ધિથી એ પૃથક્કરણ કરીએ. પૃથક્કરણ કરી આનું શું હોવું ઘટે, શું નહીં, જેથી કરીને આ ન થાય. બહુ વિચારી વિચારીને શોધખોળ કરી. છેવટે પાંત્રીસ વર્ષની ઉંમરે મેં મતભેદવાળી લાઈફ પૂરી કરી નાખી. પછી મતભેદ નથી પડ્યો અમારે.

### સુખ-શાંતિ સાથે મોક્ષે જવાય એવું શોધ્યું

અમે (વાઈફને) પહેલા ટૈડકાવેલા નાનપણમાં, તેનું ફળ જરા ચાખવું પડેલું. પછી મેં કહ્યું, 'આપણે આ બંધ કરી દો, આપણું આ કામ નહીં.' પછી એ કરે તો કરવા દેતા'તા. કારણ કે એમને પોતાને મતભેદ કાઢતા ના આવડે, તેમાં હું શું કરું ? પણ હું તો પછી સપડાઉ નહીં. મતભેદેય પડવા ના દઉ.

**પ્રશ્નકર્તા :** એ બરાબર દાદા, કબૂલ, એ હવે અમને સમજણ પડી ગઈ બરાબર, એડજસ્ટ (બંધબેસતું) થઈ ગયું.

**દાદાશ્રી :** વગર કામનું, નહીં તો આપણે એ કરીએ એમાં તો કઢી બગડી જશે. કારણ કે મગજ એમનું ઠેકાણે ના હોય ત્યારે મીઠું-બીઠું વધારે પડી જાય તો વેશ થઈ પડે ને ! એના કરતા કહીએ, 'ના, બહુ સારી છે, તમારી વાત તો મને બહુ ગમી.' ભલે ના ગમતી હોય, પણ મોઢે કહેવામાં શું વાંધો છે ?

**પ્રશ્નકર્તા :** મોઢે કહે તો પછી વટ હોય એ જતો રહે ને !

**દાદાશ્રી :** વટ તો કાઢી નાખવો જ પડશે, પહેલેથી.

**પ્રશ્નકર્તા :** આ પુરુષોએ તો વટ કાઢી જ નાખવાનો.

**દાદાશ્રી :** હા, નહીં તો વેશ થશે. વટની જરૂર હોય કંઈ ? આમાં મજા જ શું છે ? એવી મજા ખોળી કાઢો કે કઈ રીતે આપણે સુખ-શાંતિમાં રહેવાય અને મોક્ષે જવાય. નહીં તો આટલું જ જરા વેર બંધાયેલું હશે તો કહેશે, 'તમે મોક્ષે શું જાવ, હું જોઈ લઉ છું !' ગમે તેવી સળી કરે જ.

હીરાબા જોડે રહેવાનું અને મતભેદ પાડીએ

તે કેમ પોસાય ? એટલે આખી જિંદગી જોડે રહેવાનું ને મતભેદ પાડીએ તો આપણો ધંધો જ ના કરવા દે ને ? અને આપણો જે ધ્યેય હોય તે થવા ના દે ને ? એટલે આ સમજવું જોઈએ. એ તો મોટા ઉપકારી કહેવાય. મોટા હેલ્પર કહેવાય આપણને, મોક્ષમાર્ગમાં હેલ્પર. એ છે તો આપણે, નહીં તો એ કહેશે, 'મોક્ષમાં નહીં જવા દઉં તમને, જાવ' તો આપણે શું કરીએ ? આપણે ઊલટું એમ કહેવું જોઈએ કે તમે ના કહો છો ને, તેની પાછળેય તમે બહુ લાગણી જ ધરાવો છો અને તમે જ જવા દેશો, ત્યારે પેલા ફરી હઉ જાય.

## અમારા અનુભવનું તારણ

અમેય હીરાબા જોડે અનુભવ બધો મેળવી લીધો. પછી તારવણી કરી કે હવે અનુભવ કર્યો, પણ જો ગોદમ્ગોદા કરીશું, તો ફરી થોડાક છમકલા રહેશે. એના કરતા આપણે હિસાબ ચોખ્ખો કરો ને, એટલે ક્લિયર કટ ! એટલે બસ એટલું જ, ભાવ બગડે નહીં એમની ઉપર ક્યારેય પણ. એ અવળું કરે તોય ભાવ ના બગડે. શા માટે આપણું બગાડવાનું ? એક અવતાર પાનાં પડ્યા, તે પાનાં પૂરા કરવાના ને ! જ્યાં સુધી પૂરા થાય ત્યાં સુધી અને ના થાય તો એ છોડી દેવાનું. દેવતા ક્યાં સુધી પકડવો ? જ્યાં સુધી પકડી શકવાની શક્તિ હોય ત્યાં સુધી અને દઝાય તો...? બધાની હદ હોય કે ના હોય ?

**પ્રશ્નકર્તા** : બરાબર.

**દાદાશ્રી** : પૈણીને પસ્તાવાનું, પણ પસ્તાવાથી જ્ઞાન થાય. અનુભવજ્ઞાન થવું જોઈએ ને ? એમ ને એમ ચોપડી વાંચે તો કંઈ અનુભવજ્ઞાન થાય ? ચોપડી વાંચીને કંઈ વૈરાગ આવે ? વૈરાગ તો પસ્તાવો થાય ત્યારે થાય.

આ લગ્ન થાય છે ત્યારથી મેરીડ લાઈફનું (લગ્નજીવનનું) ગલન થાય છે. તે એક દહાડો બધું જ ગલન થઈ જાય.

## પત્ની સાથે વિષય બંધ પછી સંબોધ્યા 'બા'

**પ્રશ્નકર્તા** : દાદા, તમે ક્યારથી હીરાબા કહેવાનું ચાલુ કર્યું ?

**દાદાશ્રી** : જ્યારથી હીરાબાની સાથે વિષય મારો બંધ થયેલો ત્યારથી હું 'હીરાબા' કહું છું એમને. ત્યાર પછી અમારે કંઈ ખાસ અડચણ આવી નથી. અને પહેલા જે હતી તે વિષયની સાથમાં, સોબતમાં તો પોપટમસ્તી થાય થોડીઘણી. લોક જાણે કે આ પોપટે પોપટીને મારવા માંડ્યું ! પણ હોય એ પોપટમસ્તી. પણ જ્યાં સુધી વિષયનો ડંખ છે, ત્યાં સુધી એ જાય નહીં. એ ડંખ છૂટો થાય ત્યારે જાય. આ અમારો જાત અનુભવ કહીએ છીએ. આ તો આપણું જ્ઞાન છે તેને લઈને ઠીક છે, નહીં તો જ્ઞાન ના હોય તો તો ડંખ માર્યા જ કરે. છે તો અહંકાર ને ! એમાં અહંકારમાં એક ભાગ હોય કે 'એમણે મને ભોગવી લીધી' અને આ કહે, 'એણે મને ભોગવી લીધો.' પણ એ અહંકારમાં, જ્યારે અહીં આગળ (આ જ્ઞાન પછી) નિકાલ કરે છે એવું. તોય પણ, પેલી ડિસ્ચાર્જ કચકચ તો ખરી જ. એ કચકચ સાચી કચકચ નથી પણ ડિસ્ચાર્જ કચકચ છે. પણ તેય અમારે નહોતી એવી. મતભેદ નહોતો કોઈ જાતનો.

વિજ્ઞાન તો જુઓ ! જગત જોડે ઝઘડા જ બંધ થઈ જાય. બૈરી જોડે તો ઝઘડા નહીં, પણ આખા જગત જોડે ઝઘડા બંધ થઈ જાય. આ વિજ્ઞાન જ એવું અને ઝઘડા બંધ થાય એટલે છૂટ્યો.

## સહિયારા વેપારમાં સમાધાન કર્યું

**પ્રશ્નકર્તા** : હીરાબા સાથે વાતચીત થઈ હતી વિષય બંધ કરવા માટે ?

**દાદાશ્રી** : હું પિસ્તાલીસ વર્ષનો હતો ત્યારથી હીરાબા જોડે બ્રહ્મચર્ય અંગે વાતચીત કરી નાખેલી. હીરાબા કહે છે, 'મને બહુ ગમે છે એ.' બહુ સારુ, કહીએ. એ તો સમાધાન કર કર કરવું પડે ને,

આપણે ભેગો વેપાર માંડ્યો છે એટલે. સહિયારો વેપાર કર્યો પછી એમનું સમાધાન કરવું પડે. ના સમાધાન હોય તો સમજણ પાડીએ એમને કે આમાં શું ફાયદો છે ? અને વિષય વખતે ફોટો લે તો સારો દેખાય ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ખાનદાન દેખાય પછી ? મને તો એ ચાલીસ-પિસ્તાલીસ વર્ષથી દેખાયા કરે આમ. આ તો હું કહું ત્યારે તમને દેખાયો, મને તો એમ ને એમ દેખાયા કરે, કે કેવું દેખાતું હશે આ બધું ? આવું જ દેખાય ને ? આ બધું બહુ ખુલ્લું કરવાની જરૂર નહીં પણ આ તો સમજી લેવાનું છે, ઈન શૉર્ટ (ટૂંકમાં). ના સમજી ગયા ? છતાંય છૂટકો નથી. તે અમે શું કહ્યું છે કે નાછૂટકે આ મીઠી દવા પીજો. આ દવા મીઠી છે. એટલે નાછૂટકે, બન્નેને તાવ ચઢ્યો હોય તો, નહીં તો પીશો નહીં બહુ. નિકાલ તો કરવો પડશે ને બધાનો ? ઝઘડો ઊભો રાખીએ એ ચાલે નહીં. નિકાલ તો કરવો જ પડે. સમજણ પડી ? એ ગાંઠથી જ બંધાયેલું છે ને, બીજું શું બંધાયેલું છે આ ? એની જ આ બધી ઉપાધિ કરવી પડે છે ને ! મારે હીરાબા પાસે સમાધાન થયા પછી અમારે બેઉને કેટલી બધી શાંતિ રહેવા માંડી ને ! પહેલા અમથો અમથોય કકળાટ થયા કરે. એ પછી વાસણ ખખડે.

## મારી આપવીતી બોલું છું

આ તો મારી આપવીતી બોલું છું, હં કે. એટલે તમને બધાને પોતાને સમજણ પડે કે આમને આવી વીતેલી હશે. તમે એમ ને એમ સીધી રીતે કબૂલ કરો નહીં, એ તો હું કબૂલ કરી દઉં.

**પ્રશ્નકર્તા :** આપ બોલો એટલે બધાને પોતાનો પાછો ખ્યાલ આવી જાય ને કબૂલ કરે.

**દાદાશ્રી :** ના, પણ તમે કબૂલ ના કરો પણ હું તો કબૂલ કરી દઉં કે મારી વીતેલી છે. આપવીતી નહીં વીતેલી ? અરે, મારે ડંખ તે કેવો ડંખ મારે, કે તું તારે ઘેર જતી રહેજે, કહે. અલ્યા મૂઆ, જતી રહે તો તારી શી દશા થાય ? એ તો આ કર્મથી બંધાયેલી છે. ક્યાં જાય બિચારી ? પણ આ તું બોલું છું તે નકામું નહીં જાય, આ એના હાર્ટ ઉપર ડાઘ પડશે. પછી એ ડાઘ તારી ઉપર પડશે, મૂઆ. આ કર્મો ભોગવવા પડશે. એ તો એમ જાણે કે કંઈ જવાની છે હવે ? પણ આવું ના બોલાય. અને એવું બોલતા હોય તો એ ભૂલ જ કહેવાય ને ! થોડાઘણા તો ટોણા મારેલા કે નહીં મારેલા બધાએ ?

**પ્રશ્નકર્તા :** હા, મારેલા. બધાએ મારેલા, એમાં અપવાદ ના હોય. ઓછું-વધતું પ્રમાણ હોય, પણ અપવાદ ના હોય.

**દાદાશ્રી :** એટલે આવું છે બધું. હવે આ બધાને ડાહ્યા બનાવવાના, બોલો હવે, આ શી રીતે ડાહ્યા થાય ? મોઢાં પર દિવેલ ફરી વળેલા છે ! સરસ સરસ દૂધપાક ને સારી સારી રસોઈ જમે છે તોય મોઢાં પર દિવેલ પીધું હોય એવા ને એવા દેખાય છે.

## અથડામણનું મૂળ વિષય-વિકાર

**પ્રશ્નકર્તા :** ગયા જનમમાં (ફાઈલ-૨) સાથે અમે અથડાયા હતા. આ જન્મમાં અમારી સાથે એ અથડાય. પણ એનો રસ્તો તો કાઢવો પડે ને ? સોલ્યુશન તો શોધવું પડે ને ?

**દાદાશ્રી :** એનું સોલ્યુશન તો હોય છે, પણ લોકોના મનોબળ કાચાં હોય છે ને ! મનોબળ કાચાં હોય એટલે શું થાય, બિચારાનું ? સોલ્યુશન તો, એને તો તમે અમુક ભાગ છે તે બંધ કરી દો કે તરત છે તે ચૂપ થઈ જાય બધું. પણ મનોબળ કાચાં હોય તો શું કરે ?

**પ્રશ્નકર્તા :** એ બતાડો ને દાદા, કયો ભાગ બંધ કરી દેવો ?

**દાદાશ્રી :** વિકારી ભાગ બંધ કરી દેવાનો, તો એની મેળે જ બધું બંધ થઈ જાય. એને લઈને આ કકળાટ કાયમ ચાલ્યા કરે.

**પ્રશ્નકર્તા :** પહેલાં તો અમે એમ સમજતા'તા કે આ ઘરના કામકાજ બાબતમાં અથડામણ થતી હશે, તે ઘરના કામમાં હેલ્પ કરવા બેસીએ, તોય અથડામણ.

**દાદાશ્રી :** એ બધી અથડામણો થવાની જ. આ જ્યાં સુધી વિકારી બાબત છે, સંબંધ છે ત્યાં સુધી અથડામણ થવાની. અથડામણનું મૂળ જ આ છે. જેણે વિષય જીત્યો તેને કોઈ હરાવી શકે નહીં, કોઈ એનું નામેય ના દે, એનો પ્રભાવ પડે.

**પ્રશ્નકર્તા :** હવે આ બંધ કઈ રીતે કરવું ?

**દાદાશ્રી :** વિષય જીતવાનો.

**પ્રશ્નકર્તા :** વિષય નથી જીતાતો એટલે તો અમે તમારા શરણે આવ્યા.

**દાદાશ્રી :** કેટલા વર્ષથી વિષય... ઘરડા થવા આવ્યા તોય વિષય ? જ્યારે જુઓ ત્યારે વિષય, વિષય ને વિષય !

### મારી જાતે ટેસ્ટેડ કરેલ શોધખોળ

**પ્રશ્નકર્તા :** આ વિષયો બંધ કરવા છતાં અથડામણ ના ટળતી હોય એટલે તો અમે તમારા ચરણે આવ્યા.

**દાદાશ્રી :** તો તો અથડામણ થાય જ નહીં. વિષય જ્યાં બંધ છે તે મેં જોયું, જેટલા જેટલા પુરુષો મજબૂત મનના છે તેને તો સ્ત્રી તો બિલકુલ આમ કહ્યામાં રહે છે.

એક જણ છે તે બિચારો, દાદાના જ્ઞાનથી ખુશ થઈ ગયેલો. તે રોજ દર્શન કરવા આવે. આખો દહાડો અહીં પડી રહેવાનું મન થાય. વહુને કોઈ દહાડો તેડી લાવે નહીં. એની વહુ આવે નહીં. વહુ કહે છે, 'કેમ દાદાને ત્યાં ગયા ?' રોજ ડફળાય ડફળાય કરે. હવે પેલો કહે છે, 'મારે શું કરવું, આવવા જ નથી દેતી આ. શી રીતે વશ થાય ?' મેં કહ્યું 'બે-ત્રણ મહિના સુધી વિષયનો વિચાર ના આવવા દઈશ. અને જ્ઞાન તો તેં લીધેલું છે. તો બને કે ના બને ?' 'હા, બને.' મેં કહ્યું, 'કરી જોજે.' તે પેલી કહે છે, 'તમારે જ્યારે જવું હોય ત્યારે જજો, પણ મને આવું ના કરશો.' એ દાખલો બનેલો ને, તે કહ્યો તમને !

**પ્રશ્નકર્તા :** હા, એવી બે-ચાર બીજી દવા બતાવી દો ને !

**દાદાશ્રી :** ના, ના, પણ દાખલો જે બન્યો એ કહ્યો મેં તમને. મારે કંઈ નવો બનાવવાનો છે ? મને તો આ પહેલેથી આવડતો'તો.

**પ્રશ્નકર્તા :** ખરેખર દાદા, બીજા કંઈ આવડતા હોય, બે-ચાર બતાવી જાવ. તમે શું શું કરતા'તા, દાદા ?

**દાદાશ્રી :** બહુ યાદ રહે છે કંઈ ? મને તો યાદ રહે નહીં ને બધું. આ તો દેખાય ત્યારે મહીં બોલી જઉં. પેલો માણસ આવતો થઈ ગયો, રાજીખુશીથી. મેં કહ્યું, જો મારી શોધખોળ કરેલી આ વિદ્યા, દવા કો'ક દહાડો પકડી લેજે પાછો હં ફરી. દાદા આગળ આ શીખેલું પુસ્તકમાં લખેલું ના હોય. પુસ્તકમાં લખનાર લોક તો બાવા હતા, એમને વહુ હતી જ નહીં ત્યાં. આ તો મારે જાતે ટેસ્ટ કરવું પડ્યું.

**પ્રશ્નકર્તા :** બીજી શી શોધખોળ કરી, તે બતાવી દો જરા ?

**દાદાશ્રી :** એ તો વખત આવે તેમ બતાવતા જ જઈએ છીએ. જેમ જેમ દહાડો આવે તેમ, બધું કંઈ મંગળવારે ના નીકળી જાય.

તમારે ઘરમાં રોજની ડખાડખ ના પસંદ હોય

તો પછી એની જોડે વિકારી સંબંધ જ બંધ કરી દેવો, પાશવતા બંધ કરી દેવી. વિષય તો હડહડતી પાશવતા છે. માટે આ પાશવતા બંધ કરી દેવી. બુદ્ધિશાળી સમજણવાળો હોય તેને વિચાર ના આવે ? ફોટો લે તો કેવો દેખાય ? કૂતરાં જેવો દેખાય ને ? તોય શરમ ના આવે ? મેં આવું કહ્યું ત્યારે વિચાર આવે, નહીં તો આવો વિચાર ક્યાંથી આવે ? અને જ્યાં સુધી તમારે વિકાર સંબંધ છે ત્યાં સુધી આ ડખાડખ રહેવાની જ. એટલે અમે તમારી ડખાડખમાં વચ્ચે પડીએ જ નહીં. અમે જાણીએ કે વિકાર બંધ થશે, ત્યારે એની જોડે ડખો બંધ થઈ જ જાય. એક ફેરો એની જોડે વિકાર બંધ કરી દીધો ને, પછી તો આ એને મારે તોય એ કશું ના બોલે. કારણ કે એ જાણે કે હવે મારી દશા બેસી જશે ! માટે આપણી ભૂલથી આ બધું ઊભું છે. આપણી ભૂલે જ આ બધા દુઃખો છે. વીતરાગો કેવા ડાહ્યા ! ભગવાન મહાવીર તો ત્રીસ વર્ષે છૂટા થઈને મસ્તીમાં ફરતા હતા !

એની (પત્ની) જોડે વિષય બંધ કર્યા સિવાય બીજો ઉપાય જડ્યો જ નથી. કારણ કે આ જગતમાં રાગ-દ્વેષનું મૂળ કારણ જ આ છે, મૌલિક કારણ જ આ છે. અહીંથી જ બધો રાગ-દ્વેષ ઊભો થયો. સંસાર બધો અહીંથી જ ઊભો થયો છે. એટલે સંસાર બંધ કરવો હોય તો અહીંથી જ બંધ કરી દેવો પડે. પછી કેરીઓ ખાવ, ફાવે એ ખાવ ને ! બસો રૂપિયે ડઝનવાળી કેરીઓ ખાવ ને, કોઈ પૂછનાર નથી. કારણ કે કેરીઓ સામો દાવો નહીં માંડે. તમે એને ના ખાવ ને, તો એ કંઈ કકળાટ નહીં કરે અને આ સંબંધમાં તો તમે કહેશો કે 'મારે નથી જોઈતું,' ત્યારે એ કહેશે કે 'ના, મારે તો જોઈએ જ છે.' એ કહેશે કે 'મારે સિનેમા જોવા જવું છે.' ત્યારે તમે ન જાવ તો કકળાટ ! આવી જ બન્યું જાણે ! કારણ કે સામો મિશ્રચેતન છે અને કરારી છે, એટલે દાવો માંડે.

આ સંસારમાં જો વિષય ના હોત તો ક્લેશ જ ના હોત. વિષય છે તેથી ક્લેશ છે, નહીં તો ક્લેશ જ હોત નહીં !

### અથડામણનું મૂળ કારણ 'વિષય'

**પ્રશ્નકર્તા :** આ અથડામણો-કષાયો થાય છે, એનું મૂળ વિષય જ ને ?

**દાદાશ્રી :** હા, બધું વિષયને લઈને જ છે. એ વિષયમાં એક્સપર્ટ થઈ ગયેલો હોય. વિષયમાં 'ટેસ્ટફૂલ' થયેલો છે, એટલે મહીં સ્વાર્થ હોય અને સ્વાર્થને લઈને અથડામણ થાય. સ્વાર્થમય પરિણામ હોય ત્યાં કોઈ દહાડો કશું દેખાય નહીં. સ્વાર્થી હંમેશાં આંધળો હોય. સ્વાર્થી, લોભી, લાલચુ બધા આંધળા હોય. આ દુનિયાનો બધો આધાર પાંચ વિષય ઉપર જ છે. જેને વિષય નથી, તેને અથડામણ નથી.

**પ્રશ્નકર્તા :** પોતાને વિષય નથી, પણ એના લીધે બીજાને અથડામણ ઊભી થઈ શકે ?

**દાદાશ્રી :** બીજાને શા માટે થાય ? હા, કો'કને થાય તો, તે એની ભૂલ છે. ન્યાયપૂર્વક હોય તેને દુઃખ ના થાય, પણ પછી પોતાની જાતે માનીને દુઃખ વહોરી લે, તેનું શું થાય ? બનતાં સુધી જો તેને વાળી લેતાં આવડે તો સારું કહેવાય.

**પ્રશ્નકર્તા :** જ્ઞાન જોડે હોય તો તરત 'બ્રેક' મારી શકે ?

**દાદાશ્રી :** કશું કહેવાય નહીં, ફરી લપસીય પડે. જ્ઞાનવાળા પણ સ્લિપ થઈ જાય. આ તો કોમનસેન્સવાળો હોય. કોમનસેન્સ એટલે શું, કે એવરી વ્હેર એપ્લિકેબલ, એવો કોઈ હોય એ માર્ગ કાઢી આપે. બધા તાળાં ઉઘાડીને માર્ગ કાઢી આપે. અથડામણમાંથી રસ્તો કાઢે, પણ એ એક્સપર્ટ ના હોય.

**પ્રશ્નકર્તા :** કોમનસેન્સવાળાને બળતરા હોય ?

**દાદાશ્રી :** ના, જો બળતરા હોય તો કોમનસેન્સ

ઉત્પન્ન થાય જ નહીં. બળતરા વિષયવાળાને હોય. બળતરા છે ત્યાં સુધી વિષય ઊભો રહેલો છે અને વિષય હોય ત્યાં સુધી બળતરા ઊભી રહી છે.

## વિષય પરિગ્રહે, દાવા-વેર-લાચારી

આ ઝઘડાના લીધે બધા દાવો માંડે. પેલાનો પૂરો થાય ત્યાં સુધીમાં પેલી દાવો માંડે, પાછો પેલો દાવો માંડે. પાંચ ડૉલરની આટલી જલેબી વેચાતી લાવ્યા ને એમાંથી પાંચ-દસ કકડા ખાઈને પછી ના ખાધી, તો એ જલેબી તમારા પર દાવો માંડે ખરી ? મને લાવ્યા ને કેમ ના ખાધી, એવું કહે ?

**પ્રશ્નકર્તા :** ના કહે.

**દાદાશ્રી :** પેલું જીભનું હતું તે જીભનો ક્લેઈમ માંડે નહીં. સારું સિનેમા જોવા ગયા અને અધવચ્ચેથી આપણે ઊઠી જઈએ તો એ કંઈ ક્લેઈમ માંડે ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** ના માંડે, નહીં ? તો આપણે કંઈ સાંભળવા ગયા પ્રવચન અને ત્યાં અધવચ્ચે ઊઠી જઈએ તો કોઈ ક્લેઈમ માંડે ?

પણ આ એક વિષય એવો છે કે જે સ્ત્રીનો અને પુરુષનો જે વિષય છે, એમાં આપણે કહીએ કે ના ભઈ, હવે મારે નથી ઈચ્છા. ત્યારે કહે, ના ચાલે. ત્યાં તો દાવો માંડશે. આ એક જ એવું છે કે સામો દાવો માંડે એવું છે. માટે અહીં સાચવીને કામ કાઢી લેવું. દાવો માંડે એવું તમને સમજાયું ? એનો જ બધો ગૂંચવાડો ઊભો થયો છે. માટે એ એકલો જ ભોગ એવો છે કે બહુ દુઃખદાયી છે.

આ જીવતો પરિગ્રહ છે. એટલે આમાં દાવો માંડે, વેર હઉ બાંધે. ઘણા પુરુષોએ સ્ત્રીઓને સળગાવી મેલી છે. સ્ત્રીઓ ઘણા પુરુષોને કંઈક ઝેર આપી દે છે. આ બધું વેર બાંધે ત્યારે ને ! અને જલેબી એવું ના કરે બિચારી. આઈસ્ક્રીમ એવું કશું ના કરે. એટલે હું બધાને કહું છું કે આઈસ્ક્રીમ-જલેબી ખાજો પણ અહીં જરા ઓછું ધ્યાન રાખજો, બહુ સપડાશો નહીં. સ્ત્રીઓને પુરુષો છે તે વાંધાજનક છે અને પુરુષોને સ્ત્રી, બેઉને વાંધાજનક છે આ ! જીવતો પરિગ્રહ !

**પ્રશ્નકર્તા :** તે જલેબી તો એકલી ખવાય જ, પણ સ્ત્રી તો બધું કામ કરી આપે. એકલી સિનેમા થોડી લઈ જાય, બધું બીજું પણ કરે ને ! મોટેલ ચલાવે ને !

**દાદાશ્રી :** એ તો બીજો માણસ રાખીએ તો એય ચલાવે ને આ વિષય તો દુઃખદાયી છે !

જ્ઞાની પુરુષને બધી જ જાગૃતિ એટ એ ટાઈમ રહે. એટલે વિષય ઉપર વિચાર જ ના આવે. છતાં આટલું બધું જાણ્યા છતાંય વિષય થાય છે, તે પૂર્વપ્રેરિત થાય છે, પૂર્વનો ઉદય છે, પૂર્વના આધારે છે. માટે સમજીને કરવું. બીજું, જાણી-બુઝીને કરવાનું ના ગમે તોય શું કરીએ પણ, ક્યાં જઈએ હવે ! સંસાર પોતે જ જેલ છે ને !

વિષયસુખ તો આખું જગત, જીવમાત્ર માની રહ્યા છે. એક ફક્ત અહીં આગળ ત્યાગીઓ છે અને ત્યાં દેવોમાં સમકિતી દેવો છે, આ બે જ લોકો છે તે વિષયસુખમાં માનતા નથી. જાનવરોય વિષયને સુખ માને છે. પણ એ જાનવરો તે બિચારાં કર્મના આધીન ભોગવે છે. એમને એવું કંઈ એ નથી કે અમારે કાયમને માટે આવું જોઈએ જ. અને મનુષ્યો ને તો કાયમને માટે જ. ધણી પરદેશ ગયો હોય તો વહુને ના ગમે. વહુ છે તે પિયરમાં ગઈ હોય છ-બાર મહિના તો ધણીને વેષ થઈ પડે. કારણ કે એણે એમાં સુખ માન્યું છે.

## સંયમી નર સંસાર દીપાવે

મુંબઈમાં એક માણસ મને એવું કહી ગયો કે મારે વિષયની ભીખ માંગવી પડે છે. અલ્યા મૂઆ, વિષયોની ભીખ માંગો છો ! કઈ જાતના છો,

જાનવર કરતાંય ભૂંડા છો ! વિષયની ભીખ મંગાતી હશે ? ખાવાની ભીખ ના મંગાય, ભૂખ્યા થયા હો તો કઈ ભીખ મંગાતી હશે ? કંઈ શૂરવીરપણું જોઈએ કે ના જોઈએ ? હવે આટલું બધું અસંયમપણું કેમ પોષાય તે ? તમે ના સમજ્યા મેં વાત કરી તે ?

**પ્રશ્નકર્તા :** હા, સમજી ગયો.

**દાદાશ્રી :** આમ જે' જે' હઉ કરે માંગતી વખતે. બળ્યું તારી માંગ ! પાછો ધણી કહે છે, હું ધણી થઉં ! અલ્યા મૂઆ, આવો ધણી હોતો હશે ? અયુક્ત લાગતું નથી તમને ?

**પ્રશ્નકર્તા :** લાગે છે, દાદા.

**દાદાશ્રી :** આ યુક્ત વસ્તુ છે ? માણસને શોભે ? એટલે થોડો ઘણો સંયમ હોવો જોઈએ, એવું બધું હોવું જોઈએ. માણસે સંયમી રહેવું જ જોઈએ. સંયમથી તો માણસની શોભા છે. સંયમના માટે શાસ્ત્રકારોએ નાનામાં નાનો સંયમ એ કહ્યો, કે મહિનામાં દસ દહાડા સુધી એને (વિષયને) લેટ ગો કરે. અને મોટો સંયમ એ કહ્યો કે મહિનામાં ચાર જ વખત જાય. એનો કંઈક નિયમ તો હોવો જોઈએ કે ના હોવો જોઈએ ? આ મહિનામાં કેટલા દહાડા રજા મેલે છે ?

**પ્રશ્નકર્તા :** આઠ દિવસ.

**દાદાશ્રી :** હા, તે એવું કંઈક નિયમ હોય કે નહીં ?

**પ્રશ્નકર્તા :** પણ સંયમ કેવી રીતે રાખવો ?

**દાદાશ્રી :** આપણે કો'કને ઘેર ગયા હોય અને બહુ ભૂખ્યા હોય પણ એ કહેશે, અહીં તમને જમવાનું નહીં મળે તો તમે કહો કે 'ભાઈ સાહેબ, આપો જમવાનું.' એ જે થવાનું હશે એ થશે પણ અત્યારે ચાલ્યા જાવ. વટવાળા હોય ને ! સાવ વટ વગરના કૂતરા જેવા છો કંઈ ? પછી જમવા માટે ઊભો હોય ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** હેં, તે એવું આ બધું કંઈ વટ હોય કે ના હોય, બળ્યો ! સ્વમાન ફ્રેક્ચર થવા દેવું કે વિષય ફ્રેક્ચર થવા દેવો ? કયું ફ્રેક્ચર થવા દેવું જોઈએ ? ગમે તેવો વિષય હોય તે પણ સ્વમાનને ફ્રેક્ચર કરે તે કામનો શું તે ? તમારા ઉપર નહીં, બધે આનું આજ થઈ ગયું છે. માણસને સારી રીતે ઊંઘ આવે, પોતાનું સ્વતંત્ર જીવન હોય, જીવન પોતાના કંટ્રોલમાં હોય. જે સંયમી પુરુષો છે ને, તેમની સ્લીપીંગ રૂમ જુદી હોય. પહેલેથી જુદી રાખતા નથી, તે પછી મનોબળ લપટું પડી જાય. પછી પેલાને અપમાન-સ્વમાનનું ઠેકાણું રહે નહીં.

## આવું જ્ઞાનેય મારે આપવાનું ?

**પ્રશ્નકર્તા :** વિષય ભોગવતા ના હોઈએ, પણ સાથે બેડમાં સૂઈ જઈએ તો વાંધો ખરો ?

**દાદાશ્રી :** એક વરસ દહાડો છૂટા સૂઈ જઈ અને પછી સાથે સૂઈ જવામાં વાંધો નહીં. વરસ દહાડો છે તે એમ ને એમ એકલા સૂઈ રહેવું જોઈએ, પછી વાંધો નહીં. શું ફાયદો થાય, એકલા સૂઈ જવાથી ?

**પ્રશ્નકર્તા :** એક તો થાય કે એમના વગર ચાલશે એમ.

**દાદાશ્રી :** ના, એ તો ભાવ ના હોય તો ચાલે એવું લાગે જ ને ? આ તો એકલા જ સૂઈ જવાનું જુદા જુદા રૂમમાં, તે શું સાયન્સ હશે એમાં ? અમે કહીએ છીએ એની પાછળ શું સાયન્સ હશે ?

**પ્રશ્નકર્તા :** વૈરાગ આવે, એનાથી વૈરાગ ઉત્પન્ન થાય.

**દાદાશ્રી :** વૈરાગ-બૈરાગની જરૂર જ ક્યાં છે આપણે ?

**પ્રશ્નકર્તા :** પરમાણુ એકબીજાના ખેંચાય નહીં, જુદા સૂઈ રહે તો.

**દાદાશ્રી :** ના, પરમાણુનો સવાલ નથી. ભેગા રહેવું હોય તો પણ ભાવ નક્કી કર્યો છે પછી પરમાણુ શેના ખેંચાય ? પરમાણુ ખેંચાય તો પણ ભાવ નક્કી કર્યો છે અને એને વાળ વાળ કરે. આની પાછળ સાયન્ટિફિક કારણ છે.

વરસ દહાડો છૂટા રહીને પછી તમે એક પથારીમાં સૂઈ જાવ ને, તો જે દહાડે એ બહારથી આખો દહાડો બહુ જ તપીને આવ્યો હોય ને, તે પસીનો સોઢશે તમને. અને આ બઈનેય પસીનો સોઢશે. એની ગંધ ઉત્પન્ન થશે. પેલી ગંધ ના ખબર પડે. નાક, આ ઈન્દ્રિય ખોવાઈ જાય. રોજ ડુંગળી ખાનારાને ડુંગળી છે તે આખા ઘરમાં ભરેલી હોય તોય એને ગંધ ના આવે. અને ડુંગળી ના ખાતો હોય, તેને અહીંથી બસો ફૂટ છે તે ડુંગળી હોય તો એને ગંધ આવે. એટલે નાક ઈન્દ્રિય બધી ખલાસ થઈ જાય. એટલે આ સૂઈ જાય, નહીં તો જોડે સૂવાતું હશે ?

આ ડુંગળીની વાત તમને સમજણ પડી ?

**પ્રશ્નકર્તા :** પડી ગઈ, બરાબર.

**દાદાશ્રી :** આવું જ્ઞાનેય મારે આપવાનું ? તમારે બધાએ જાણવું જોઈએ આવું જ્ઞાન તો ! આ તો મારે કંઈ જણાવી આપવું પડે ?

પ્રશ્નકર્તા-૧ : જ્યાં સુધી તમે બોલો નહીં ત્યાં સુધી એ આવરણ ખસે નહીં, ગમે એટલું જાણો તોય. બધાને વચનબળથી જ ખસે.

પ્રશ્નકર્તા-૨ : હું તો મારી વાત કરું છું કે જ્ઞાન લીધા પછી સતત કેવળ આ જ ભાવ કરતી હોઉં અને છતાં નથી છૂટતું. વિષય નથી, પણ હૂંફને માટે. એમ થાય કે સાથે સૂવું જ છે.

**દાદાશ્રી :** ના, પણ એ તો પહેલાંનો હિસાબ છે ને, એટલે છૂટકો જ ના થાય. એ તો એ જે હિસાબ છે ને, તે હિસાબ બધો ચૂકતે થાય છે. હા, એ હિસાબ ચૂકતે થયો ક્યારે કહેવાય, કે સાથે સૂઈ જતા હોય અને ના ગમતું હોય એ બધું, અંદર ગમતું ના હોય અને સૂઈ જવું પડતું હોય ત્યારે હિસાબ ચૂકતે થાય. પણ ગમે છે કે નહીં એટલું તો પૂછી લેવું.

**પ્રશ્નકર્તા :** પોતાને ગમે, પણ મહીંથી પ્રજ્ઞાશક્તિ અથવા સમજ ચેતવે છે.

**દાદાશ્રી :** મનને તો ભલે ગમે પણ આપણને ગમે ?

**પ્રશ્નકર્તા :** એ ચેતવે ને કે આ ખોટે રસ્તે તું જઈ રહી છે.

**દાદાશ્રી :** તો વાંધો નહીં. ડબલ બેડની સિસ્ટમ બંધ કરો ને સિંગલ બેડની સિસ્ટમ રાખો.

## પત્ની સાથે મોક્ષ એક શરતે

**પ્રશ્નકર્તા :** શુદ્ધાત્માસ્વરૂપ થાય પછી સંસારમાં પત્ની જોડેનો સંસાર વ્યવહાર કરવો કે નહીં ? અને તે કેવા ભાવે ? અહીં સમભાવે નિકાલ કેવી રીતે કરવો ?

**દાદાશ્રી :** આ વ્યવહાર તો તમારે પત્ની જોડે બંનેને સમાધાનપૂર્વક હોય એવો વ્યવહાર રાખજો. તમારું સમાધાન ને એમનું સમાધાન થતું હોય, એવો વ્યવહાર રાખજો. એમને અસમાધાન થતું હોય ને તમારું સમાધાન થતું હોય એ વ્યવહાર બંધ કરજો. આપણાથી સ્ત્રીને કંઈ દુઃખ ન થવું જોઈએ. તમને કેમ લાગે છે ? કેવો વ્યવહાર કરવાનો ? એને દુઃખ ન થાય તેવો. બની શકે કે ના બની શકે ? હા, સ્ત્રી પૈણેલાં છે તે સંસાર વ્યવહાર માટે છે, નહીં કે બાવા થવા માટે. અને સ્ત્રી પાછી મને ગાળો ન દે, કે 'આ દાદાએ મારો સંસાર બગાડ્યો !' હું એવું નથી કહેવા માંગતો. હું તમને કહું છું કે, આ જે 'દવા' (વિષયસંબંધ) છે એ ગળપણવાળી દવા છે, માટે પ્રમાણથી લેજો. ગળી છે માટે વધુ પડતી પી પી ના કરશો. દવા

હંમેશાં જેમ પ્રમાણથી લઈએ છીએ એવી રીતે પ્રમાણથી લેજો.

ગળી લાગે એટલે પી પી કરવી એવું કંઈ કરાય ? જરા તો વિચાર કરો. શું નુકસાન થાય છે ? ત્યારે કહે છે, કે જે ખોરાક બધો ખાય છે એનું બ્લડ થાય છે, બીજું બધું થતાં થતાં છેવટે એનું રજ અને વીર્યરૂપે થઈ ખલાસ થઈ જાય છે. લગ્નજીવન દીપે ક્યારે કે તાવ બન્નેને ચઢે અને એ દવા પીવે ત્યારે. તાવ વગર દવા પીવે કે નહીં ? એકને તાવ વગર દવા પીવે એ લગ્નજીવન દીપે નહીં. બન્નેને તાવ ચઢે ત્યારે જ દવા પીવે. ધીસ ઈઝ ધ ઓન્લી મેડિસિન (માત્ર આ જ દવા છે). મેડિસિન ગળી હોય તેથી કંઈ રોજ પીવા જેવી ના હોય. લગ્નજીવન દીપાવવું હોય, તો સંયમી પુરુષની જરૂર છે. આ બધા જાનવરો અસંયમી કહેવાય. આપણું તો સંયમી જોઈએ. આ જે આગળ રામ ભગવાન ને એ બધા થઈ ગયા, તે બધા પુરુષો સંયમવાળા. સ્ત્રી સાથે સંયમી ! ત્યારે આ અસંયમ એ કંઈ દૈવી ગુણ છે ? ના, એ પાશવી ગુણ છે. મનુષ્યમાં આવા ના હોય. મનુષ્ય અસંયમી ના હોવો જોઈએ. જગતને સમજ જ નથી કે વિષય શું છે ! એક વિષયમાં કરોડો જીવો મરી જાય છે, વન ટાઈમમાં, તે સમજણ નહીં હોવાથી અહીંયા મજા માણે છે. સમજતા નથી ને ! ના છૂટકે જીવ મરે એવું હોવું જોઈએ. પણ સમજણ ના હોય ત્યારે શું થાય ?

એટલે અમે કહ્યું કે સ્ત્રીનો વાંધો નથી, પણ એવી શરતે કે બેઉને સંપ અને સમજપૂર્વક ઊભું કરો.

**પ્રશ્નકર્તા :** આ પણ આટલી જ દવા પીવી એ કંઈ આપણા કાબૂમાં છે ? એ ડોઝ કાબૂમાં રહેતો ના હોય તો શું કરવું ?

**દાદાશ્રી :** કાબૂમાં કશું રહેવાનું નહીં. ના કાબૂમાં હોય એવી વસ્તુ જ નથી હોતી આ દુનિયામાં. પણ દવા મીઠી છે માટે પી પી કરીએ એનો શો અર્થ ? એટલે આમાં સ્ત્રીમાં દોષ નથી, તાવમાં દોષ નથી, તાવ ના ચઢ્યો હોય ને દવા પીએ તેનો દોષ છે. એટલે આ બધી જોખમદારી સમજજો. આપણી વાત બાંયધરીપૂર્વકની છે અને તરત અનુભવમાં આવે એવી વાત છે ! અને આવું સહેલું હોય તો પાળવું જોઈએ ને કે એમાં કશો વાંધો આવે છે ?

**પ્રશ્નકર્તા :** અમારે ઊંચે ચઢવું છે, માટે પાળવું જ છે.

**દાદાશ્રી :** તાવ ચઢે તો પીજો. એ તો ડાહ્યા માણસનું જ કામ હોય ને ? એટલે આ અમારું થર્મોમિટર મળ્યું છે. એટલે અમે કહીએ છીએ ને, કે સ્ત્રી સાથે મોક્ષ આપ્યો છે ! આવી સરળતા કોઈએ નથી આપી. બહુ સરળ અને સીધો માર્ગ મૂકેલો છે. હવે તમારે જેવો સદુપયોગ કરવો હોય એ કરજો. અતિશય સરળ ! આવું બન્યું નથી ! આ નિર્મળ માર્ગ છે. ભગવાન પણ એક્સેપ્ટ કરે એવો માર્ગ છે !

આ અમારું જ્ઞાન કેવું સરસ છે ! એટલે મેં તમને સ્ત્રી સાથે રહેવા દીધા, નહીં તો બીજો હોય તો કહેશે, 'હેંડો ચાલો, બાવા થઈ જાવ.'

## ચાર્જ-ડિસ્ચાર્જની ભેદરેખા

આ આપણું વિજ્ઞાન એવું છે કે કામ કાઢી નાખે ! પણ જો એને સિન્સિયર રહે અને અમારા કહ્યા પ્રમાણે રહે તો વિષયની નિવૃત્તિ થાય, નહીં તો વિષયનો સ્વભાવ જ એવો છે કે એક જ વખત વિષય થયેલો હોય તો માણસ ત્રણ દહાડા સુધી કોઈ પણ પ્રકારે ધ્યાન ના કરી શકે ! એક જ ફેરાના વિષયથી ત્રણ દહાડા સુધી માણસથી ધ્યાન ફીટ થઈ શકે નહીં. ધ્યાન ચોંટે જ નહીં ને ! સ્થિર થાય નહીં ને ! પછી માણસ શું કરે ? કેટલુંક

કરે ? તેથી આ જૈનના આચાર્યો બધા ત્યાગ લઈને બેઠેલા ને ! આ વીતરાગોનો ધર્મ એ વિલાસીઓનો ધર્મ નથી ! વિષય હોય તો સમજણપૂર્વક છૂટી જવું જોઈએ. વિષય તો શી રીતે ગમે છે, તે જ મને અજાયબી લાગે છે ! વિષય ગમે છે, તેનો અર્થ એ કે સમજણ જ નથી.

**પ્રશ્નકર્તા :** વિષય-કષાયની બળતરા થાય ને ?

**દાદાશ્રી :** બળતરા તો લાખો મણ થાય, તેનો સવાલ નથી. બળતરા તો પુદ્‌ગલને થાય છે.

**પ્રશ્નકર્તા :** વિષય-કષાયની બળતરાનું વર્ણન મરણ કરતાંય વધારે કહ્યું છે. એટલે એના કરતાં માણસ મરવું પસંદ કરે.

**દાદાશ્રી :** ના, એણે તો મરવાની કિંમત જ નથી રાખી. એણે તો અનંત અવતારથી આ જ કર્યું છે, પાશવતા જ કરી છે, બીજું કશું કર્યું નથી. પણ મરણ તો સારું કહેવાય. મરણ તો સ્વાભાવિક વસ્તુ છે અને આ તો વિભાવિક વસ્તુ છે. સમજદારને વિષય શોભે નહીં. એક બાજુ લાખ રૂપિયા મળતા હોય ને સામે વિષયનો પ્રસંગ હોય તો લાખ જતા કરે, પણ વિષય ન સેવે. વિષય જ સંસારનું મૂળ કારણ છે, જગતનું કૉઝીઝ જ એ છે ને ! આપણે તો આ વિષયની છૂટ એટલા માટે આપેલી કે, નહીં તો આ માર્ગને કોઈ પામત જ નહીં. એટલે આપણે આ અક્રમ વિજ્ઞાન ડિસ્ચાર્જ અને ચાર્જ રૂપે સમજાવ્યું છે. આ વિષય એ ડિસ્ચાર્જ છે, એવું સમજવાની શક્તિ નહીં ને બધાની ! આમનું ગજું શું ? નહીં તો અમારો જે શબ્દ છે ને 'ડિસ્ચાર્જ', તે વિષય એ ડિસ્ચાર્જ સ્વરૂપ જ છે. પણ આ વાત સમજવાનું એટલું ગજું જ નહીં ને ! કારણ કે રાત-દહાડો વિષયની બળતરાવાળા. નહીં તો આ ચાર્જ અને ડિસ્ચાર્જ અમે જે મૂકેલું છે તે એક્ઝેક્ટલી એમ જ છે. આ તો બહુ ઊંચો માર્ગ બતાવ્યો છે, નહીં તો આમાંથી કોઈ ધર્મ જ ના પામત ને ! આ બૈરી-છોકરાંવાળા શી રીતે ધર્મ પામત ?

**પ્રશ્નકર્તા :** ઘણા એમ સમજે છે કે 'અક્રમ'માં બ્રહ્મચર્યનું કંઈ મહત્ત્વ જ નથી. એ તો ડિસ્ચાર્જ જ છે ને !

**દાદાશ્રી :** અક્રમનો એવો અર્થ થતો જ નથી. એવો અર્થ કરે તે 'અક્રમ માર્ગ' સમજ્યો જ નથી. જો સમજ્યો હોય તો મારે તેને વિષય સંબંધી ફરી કહેવાનું હોય નહીં. અક્રમ માર્ગ એટલે શું કે ડિસ્ચાર્જને ડિસ્ચાર્જ ગણવામાં આવે છે. પણ આ લોકોને ડિસ્ચાર્જ જ નથી. આ તો હજી લાલચો હોય છે મહીં ! આ તો બધા રાજીખુશીથી કરે છે. ડિસ્ચાર્જને કોઈ સમજ્યું છે ? નહીં તો અમે જે માર્ગ મૂકેલો છે, તેમાં બ્રહ્મચર્ય સંબંધી ફરી કશું કહેવાનું જ ના હોય ! આ તો પોતાની ભાષામાં બંધબેસતા અર્થ કરે પછી !

જમેલા માણસને આપણે ફરી જમવા બેસાડીએ તો તે બહુ શરમાય, પણ પછી જમે ખરો. પણ તે શું કરે ? સાચું જમે એ ? એવું વિષયમાં હોવું જોઈએ. વિષય-વિકાર તો દેખ્યો જ ના ગમે, વિચારતાં જ અરેરાટી થઈ જાય ! ઊલટી થાય વિચારતાં જ, એવું હોવું જોઈએ.

'ડિસ્ચાર્જ' કયા ભાગને કહેવાય, તે લોક સમજતું નથી અને 'ડિસ્ચાર્જ'નો અર્થ પોતાની ભાષામાં કરે છે.

**પ્રશ્નકર્તા :** 'ડિસ્ચાર્જ' કયા ભાગને કહેવાય ?

**દાદાશ્રી :** આપણે ગાડીમાંથી કેટલી વખત પડી જઈએ ? ગાડીમાંથી તું પડી જાય તો એ 'ડિસ્ચાર્જ' કહેવાય. ત્યાં તું ગુનેગાર નથી, પણ કોઈ જાણી-જોઈને પડે ખરો ? ત્યાં એની જરાય ઈચ્છા હોય ? તમને આ વાતની સમજ પડી ?

**પ્રશ્નકર્તા :** બરાબર સજ્જડ સમજાઈ ગઈ.

**દાદાશ્રી :** કાનબુટ્ટી પકડીને કહો છો કે ? નહીં તો 'ડિસ્ચાર્જ'ની વાતમાં તો અંદર પોલું હાંકે. આ એકલી વિષયની જ બાબતમાં પોલું હાંકવા જેવું નથી.

**પ્રશ્નકર્તા :** પોલું કેવી રીતે હાંકે ?

**દાદાશ્રી :** જેમ ગાડીમાંથી પડી જાય, એને આપણે 'ડિસ્ચાર્જ' કહીએ છીએ, એવો પોતાને ઘેર પણ નિયમ તો હોવો જોઈએ ને ? આ તો એવું છે ને, કે પોતાના હક્કની સ્ત્રી જોડેનો વિષય, એ અજૂગતું નથી. છતાંય પણ જોડે જોડે એટલું સમજવું પડે કે એમાં ઘણા બધા 'જર્મ્સ' (જીવ) મરી જાય છે. એટલે અકારણ તો આવું ના જ હોવું જોઈએ ને ? કારણ હોય તો વાત જુદી છે. વીર્યમાં 'જર્મ્સ' જ હોય છે અને તે માનવબીજના હોય છે. એટલે બને ત્યાં સુધી આમાં સાચવવું. આ અમે તમને ટૂંકામાં કહીએ, બાકી આનો પાર આવે નહીં ને !

'ચાર્જ-ડિસ્ચાર્જ'નો ભેદ સમજવો જોઈએ કે ના જોઈએ ? આ તો ભેદ સમજ્યા વગર ઠોકાઠોક કરે. આ જ્ઞાન જો પૂરેપૂરું સમજે અને આ 'ડિસ્ચાર્જ' પૂરેપૂરું સમજે તો મને ફરીથી કહેવા જ ના આવે ! 'ડિસ્ચાર્જ' જે છે એ ચારિત્ર મોહનીય છે અને ચારિત્ર મોહનીયને જે જુએ છે એ સમ્યક્ ચારિત્ર છે !

## અહંકારની માન્યતાનું સુખ

વિષય સામે તો હું કેટલું બોલ બોલ કરું છું, તોય લોકોને ગેડમાં બેસતું નથી, ત્યારે આપણે શું કરીએ ? પંપ મારી મારીને માલ ભરી લાવ્યા છે, જરાય 'સ્કોપ' નથી આપ્યો, અવકાશ જ નથી આપ્યો ને ! જાણે વિષય નહીં હોય તો જીવાશે જ નહીં, એવું માની લાવ્યા છે !

હવે આ આત્માનું સુખ આવ્યા પછી, આ વિષય એને ગમે જ કેવી રીતે ?

વિષયને જે જીતે, તેના પર ત્રણ લોકના નાથ રાજી થાય. આમાં છે જ નહીં કશુંય, પણ લોકોએ એવી રોંગ (ખોટી) માન્યતા કરી નાખી છે ! બાકી આમાં કશું સુખ જ નથી. જલેબીમાં સુખ છે, પેંડામાં સુખ છે, ચેવડામાં સુખ છે, પણ આમાં સુખ નથી. જલેબીમાં સુગંધી બહુ આવે, સ્પર્શેય આવે, સ્વાદેય આવે, આંખથી દેખવીય ગમે, મોઢામાં ખઈએ તે ઘડીએ કડકડ બોલે, એ કાનમાં સાંભળવાનુંય ગમે. આ તાજી તાજી જલેબી ખાવામાં પાંચેય ઈન્દ્રિયોને સારું લાગે અને આ વિષયમાં તો બધી ઈન્દ્રિયો કામ લેવા જાય, તો પાછી ફરી જાય. આંખથી જોવા જાય તો ગભરામણ છૂટી જાય, નાકથી સોડવા જાય તોય ગભરામણ છૂટી જાય, જીભથી ચાખવા જાય તોય ગભરામણ છૂટી જાય !

**પ્રશ્નકર્તા :** આમાં 'એક્ચ્યુઅલી' (ખરેખર) જે આનંદ લેવાય છે, તે અહંકાર જ લે છે ને ?

**દાદાશ્રી :** સુખ માનેલું છે તેથી ! એમાં રોંગ બિલીફ છે ખાલી ! તને કોઈ દહાડો દરાજ થયેલી ? દરાજ વલૂર વલૂર કરે ને, એવું છે આ ! પાછું કોઈ બેઠું હોય ત્યારે મનમાં ગભરાય કે વલૂરીશ તો ખરાબ દેખાશે, એટલે પછી તું બંધ રાખે અને કોઈ ના હોય ત્યારે તું એને વલૂરે, એની મીઠાશ લાગે તને ! કૃપાળુદેવે વિષયના સુખને દરાજ વલૂરવા જેવું સુખ કહ્યું છે.

**પ્રશ્નકર્તા :** વિષયસુખથી દૂર રહેવા માટે જે પ્રયત્ન કરવામાં આવે છે, તેને પુરુષાર્થ કહેવાય ?

**દાદાશ્રી :** હા. પણ વિષય એ સુખ જ નથી, એ ખાલી માન્યતા જ છે, 'રોંગ બિલીફો' જ છે. વ્યવહારમાં લોકોને આ વાત કહેવાય નહીં, જગત વ્યવહાર માટે આ કામનું જ નથી. આ વાત

જગત વ્યવહારના લોકોને કરીએ તો તેમને દુઃખ થાય. કારણ કે આ સુખ એકલું જ અવલંબન છે, તેય બિચારાનું આપણે લઈ લીધું ! આ તો જેને જ્ઞાન હોય તેને વાત કરાય, નહીં તો વાત જ ના કરાય. હા, કોઈને સુખને માટે નહીં, પણ છોકરા માટે વિષય હોય તો વાત જુદી છે. પુત્રેષણા શમાવવા પૂરતું હોય તો ઠીક છે. પણ આ તો નિરર્થક, 'યુઝલેસ' હોય છે, જે કૂતરા-કૂતરીનેય શોભે નહીં એવું !

## ઉછીનું વિષય સુખ રીપે કરવું પડે

એવું છે ને, આ અવલંબનનું જેટલું સુખ આપણે લીધું એ બધું ઉછીનું લીધેલું સુખ છે, લોન ઉપર. અને લોન એટલે 'રીપે' (ચુકવણી) કરવી પડે છે. જ્યારે લોન રીપે થઈ જાય, પછી તમારે કશી ભાંજગડ હોતી નથી. તમને વસ્તુઓ ભેગી થાય છે તે વસ્તુમાંથી સુખ નથી આવતું. તમે એ સુખ લો એટલે એ લોન લીધા બરાબર છે. એ લોન તમારે રીપે કરવી પડશે.

આત્મા પાસે સુખ નથી ભોગવતા અને પુદ્‌ગલ પાસે તમે સુખ માંગ્યું. આત્માનું સુખ હોય તો વાંધો જ નથી, પણ પુદ્‌ગલ પાસે ભીખ માંગેલી તે (પાછું) આપવું પડશે. એ લોન છે. જેટલી મીઠાશ પડે છે, એટલી જ એમાંથી કડવાશ ભોગવવી પડશે. કારણ કે પુદ્‌ગલ પાસે લોન લીધેલી છે. તે એને 'રીપે' કરતી વખતે એટલી જ કડવાશ આવશે. પુદ્‌ગલ પાસેથી લીધેલું હોય એટલે પુદ્‌ગલને જ રીપે કરવાનું.

**પ્રશ્નકર્તા :** આમાં સુખ લીધું એના પરિણામે પેલા ઝઘડા ને ક્લેશ ?

**દાદાશ્રી :** આમાંથી જ ઊભું થયું છે આ બધું. અને સુખ કશુંય નહીં. પાછું સવારના પહોરમાં દિવેલ પીધા જેવું મોઢું હોય ! એ તો વિચારતાંય ચીતરી ચઢે !

**પ્રશ્નકર્તા :** અને નહીં તોય લોકોના દુઃખોના પરિણામો એટલા બધા વિચિત્ર છે તે એ ક્યારે છૂટે ! આટલા બધા દુઃખો સહન કરે છે, આ લોકો આટલા સુખને માટે !

**દાદાશ્રી :** એ જ લાલચ આની ને કેટલા દુઃખો ભોગવવાના !

**પ્રશ્નકર્તા :** આખી લાઈફ ખલાસ કરી નાખે છે એમાં. આખું જીવન રોજ એનું એ જ હેમરિંગ, એની એ જ અથડામણ ?

**દાદાશ્રી :** અત્યારે તો મને કેટલાય આપણા મહાત્માઓ કહી જાય છે, કે 'મને કાલાવાલા કરાવડાવે છે.' ત્યારે મેં કહ્યું, 'મૂઆ, તારો વક્કર જતો રહ્યો, ત્યારે શું કરાવડાવે ? હજુ સમજ ને યોગી થઈ જા ને !' હવે આને ક્યાંથી પહોંચી વળાય ? આ દુનિયાને કંઈ પહોંચી વળાય ?

## દેહ સાથે વિષય, તેથી પુરુષાર્થે ક્યાશ

'આ' જ્ઞાન લીધા પછી વિષય સિવાય કોઈ ચીજ નડતી નથી અને જે અહંકાર નડે છે, તે અહંકાર અમે લઈ લીધો છે. હવે આમાં વિષય એકલો જ કો'ક ફેરો માર ખવડાવી દે એવી વસ્તુ છે. વિષય તો બળતરા શમાવવા માટેનું એક જાતનું સાધન છે. આપણને તો નિરાકુળતા ઉત્પન્ન થઈ, એટલે આ સુખની જરૂર જ ક્યાં રહી ? આપણે તો હવે આત્મા પ્રાપ્ત કર્યો છે. પણ હજુ મનમાં ઘુસ્યું નથી, જોખમની ખબર જ નથી ને ! હિસાબ જ કાઢ્યો નથી ને ! નહીં તો આવી હિંસા કોણ કરે ? ભગવાન જો કદી વિષયની હિંસાનું વર્ણન કરે તો માણસ મરી જાય ! લોક જાણે કે આમાં શું હિંસા છે ? આપણે કોઈને વઢતા નથી. પણ ભગવાનની દૃષ્ટિએ જુએ તો હિંસા ને આસક્તિ બે ભેગા થયા છે, તેને લીધે પાંચેય મહાવ્રત તૂટે છે અને તેનાથી બહુ દોષો બેસે છે. એક જ ફેરોના વિષયથી લાખો જીવો મરી જાય છે, તેનો દોષ બેસે

છે. એટલે ઈચ્છા ના હોય છતાં એમાં ભયંકર હિંસા છે. એટલે રૌદ્ર સ્વરૂપ થઈ જાય છે. નહીં તો આ જ્ઞાન આપ્યા પછી તો નિરંતર સમાધિ રહે એવું આ જ્ઞાન છે. એટલે જ્યાં સુધી સંસારીપણું છે, સ્ત્રી વિષય છે, ત્યાં સુધી એ અહિંસાનો ઘાતક જ છે.

આ દેહની સાથે વિષયો છે, તેથી પુરુષાર્થમાં કાચો પડે છે. નહીં તો જે દહાડે જ્ઞાન આપું છું ત્યારે ખરેખરો આનંદ અનુભવે છે. પણ બીજે દહાડે પાછો સગડીમાં હાથ ઘાલે છે. કારણ અનાદિનો પરિચય છે ને ! સગડીમાં હાથ ઘાલે તેનોય વાંધો નથી, પણ નવી ફિલમ ચીતરે છે તેનો વાંધો છે.

**પ્રશ્નકર્તા :** તો પછી આ વિષય-વિકાર કેમ થઈ જાય છે ?

**દાદાશ્રી :** એ તો થઈ જાય. અને તમારી વાત જુદી છે. તમે તો લગ્ન કરીને આવેલા છો. તમારે તો 'સમભાવે નિકાલ' કરવાનો હોય.

આ જ્ઞાન એવું છે કે એકાવતારી કરે, પણ ચોક્કસ રહેવું જોઈએ ને મનમાં સહેજ પણ દગો નહીં રાખવો જોઈએ. વિષય એ શોખ કરવા જેવી ચીજ નથી, નિકાલ કરવા જેવી ચીજ છે.

## પરિણીતોને પણ શક્ય એકાવતારી પદ

**પ્રશ્નકર્તા :** પણ દાદા, એક અવતારમાં જ મોક્ષે જવું છે, તો શું કરવું ? એ તો કહો ને ! એ જ આજે આપણે નક્કી કરીએ.

**દાદાશ્રી :** એક જૈન હોય, તેને પોલીસવાળો પકડીને ત્રણ દહાડા ભૂખ્યો રાખે અને પછી માંસ ખાવા આપે કે આ જ તારે ખાવું પડશે ને પછી પેલો ખાય, તો એ બંધનમાં આવતો નથી. એ પોલીસવાળાના દબાણથી છે, એની પોતાની ઈચ્છાપૂર્વકનું નથી. એવી રીતે જ આ માણસ વિષય ભોગવશે તોય એ એકાવતારી થવાનો છે, એનો બીજો અવતાર નથી થવાનો. એ સ્વાધીન ના હોવું જોઈએ. પોલીસવાળાને આધીન, ભૂખને આધીન થઈને માંસાહાર કરો તો તમે ગુનેગાર બનતા નથી. એવું આ વિષયમાં થાય તો એ એકાવતારી અવશ્ય થાય.

**પ્રશ્નકર્તા :** આ આજ્ઞા તમારી પાળીશું, હવે તમે એકાવતારીપદ લખી આપો.

**દાદાશ્રી :** આટલું જ અમારું પાળે તો અમે એકાવતારી બોન્ડ લખી આપીશું. એકાવતારી થવું હોય તો આ એક જ વસ્તુ સાચવવાની છે. બીજા ધંધા-વેપારનો વાંધો નથી.

## આ જ્ઞાનને રાખો જાણી

જ્ઞાન એવી વસ્તુ છે કે જેને જાણી રાખવાની જરૂર છે. જ્ઞાનને જાણી રાખવાનું. જ્ઞાન જાણવાનું છે ને એ જાણેલું જ્યારે દર્શનમાં આવે છે, 'બિલીફ'માં આવે છે, ત્યારે વિષય બધા ઊડી જાય.

આ તો આપણે વિષયસંબંધી બહુ ઊંડી ચર્ચા નથી કરતા, એનું શું કારણ કે આ લોકો બહારની દૃષ્ટિ છોડે, તોય બહુ ઊંચી વસ્તુ છે. બહારની દૃષ્ટિ એટલે, બહાર જે 'દેખત ભૂલી' થાય છે તે ના થાય, તોય બહુ થઈ ગયું. એટલે આપણે કહ્યું કે બહાર દૃષ્ટિ બગડી કે તરત જ પ્રતિક્રમણ કરજો. એને પોતાના હક્કનો વિષય છોડવાનું નથી કહેતા. કારણ કે એને હક્કનો વિષય છોડવાનું કહીએ, તો એનું બહાર પાછું બગડી જાય.

## અક્રમ વિજ્ઞાને આપી છૂટ

**પ્રશ્નકર્તા :** પણ જે લોકો વિષયસુખ ભોગવે છે, એમને એટલી ખોટ તો જવાની ને ?

**દાદાશ્રી :** જેટલું જેટલું 'ચાર્જ' થયેલું છે, એનો તો આપણે વાંધો ના રાખીએ.

**પ્રશ્નકર્તા :** પણ એ 'ચાર્જ' થયેલું છે એમ કહેવાય જ કેવી રીતે ? એ તો ઘરમાં સ્ત્રી સાથે

રહેતા હોઈએ એટલે આ વિષય તો સહજ થઈ ગયેલો હોય છે ને ઘણી વખત થાય છે તોય એ 'ચાર્જ' થયેલું જ કહેવાય ?

**દાદાશ્રી :** 'ચાર્જ' થયેલાની બહાર નહીં થવાનું. જે 'ચાર્જ' થયેલું છે, તેની બહાર થાય એવું નથી. તેથી તો અમે આમ વિષયો માટે છૂટ મૂકીએ ને ! નહીં તો છૂટ મૂકીએ કે ? એ તો જવાબદારી છે અને કોઈએ આવી છૂટ આપી પણ નથી ને !

**પ્રશ્નકર્તા :** કોઈએ છૂટ નથી આપી. આમાં તો બહુ 'સ્ટ્રીક્ટ' (કડક) છે.

**દાદાશ્રી :** એ 'સ્ટ્રીક્ટ' છે એટલે લોકો પામતા નથી. સત્ય હકીકત નહીં જાણવાથી આમાં 'સ્ટ્રીક્ટ' થાય છે. તેથી લોક પામતા નથી. સંસારીઓ તો એમ જ કહે છે, કે 'ભઈ, આપણે તો સંસારી, આપણું તો કલ્યાણ થાય જ નહીં ને !' એવું આ લોક પોતાની જાત માટે માની બેઠા છે. એટલે એ 'સ્ટ્રીક્ટપણું' ખોટું છે. 'અમે' જ્ઞાનથી જુદી જાતનું જોઈએ છીએ !

**પ્રશ્નકર્તા :** જેટલો વખત 'ડિસ્ચાર્જ' થાય, તે એટલું આવરણ વધે નહીં ?

**દાદાશ્રી :** આપણા 'જ્ઞાન'વાળાને આવરણ ના વધે, અમારી આજ્ઞા હોય ને ! અમે હક્કના વિષયની ના કહી જ નથી ને ! ના કહ્યું હોય તો આ બધાંને ઘેર શું થાય ?

**પ્રશ્નકર્તા :** તમે જો એની ના કહી હોય તો બહુ મોટું તોફાન થઈ જાય !

**દાદાશ્રી :** પણ અમે એવું કહીએ જ નહીં. કોઈનેય દુઃખ થાય એવું વર્ણન જ ના કરીએ ને !

**પ્રશ્નકર્તા :** અત્યાર સુધી હું આ દ્વંદ્વમાં જ હતો. મને એમ લાગતું હતું કે વિષયથી આવરણ આવે.

**દાદાશ્રી :** પણ જગતે જોયું હશે, તેના કરતાં મેં નવી જ જાતનું જોયેલું છે અને તો જ હું આ આજ્ઞા આપું, નહીં તો આપું જ નહીં ને ! આ તો જોખમદારી કહેવાય ! મેં એવું વિજ્ઞાન જોયું છે. ત્યારે મેં તમને છૂટ આપી છે, નહીં તો છૂટ ના અપાય. મેં તમને છૂટ કેવી રીતે આપી છે ? અમે હક્કના વિષયની છૂટ આપી છે, જેથી બહાર દૃષ્ટિ પછી બગડે નહીં ને બગડી હોય તે સુધારી લેજો. પણ હક્કની જગ્યાનું એક જ સ્થાન નક્કી થઈ ગયું એટલે પછી તમને 'એલાઉ' કરીએ. પણ આ તો ફક્ત આત્મસુખ છે કે બીજું કયું સુખ છે, તે જાણવા માટે તમને કહીએ છીએ કે છ મહિના માટે વિષય છોડીને તો જુઓ ! ફક્ત તપાસ કરવા માટે જ, આ સુખ આત્મામાંથી આવ્યું કે વિષયમાંથી આવ્યું ?

**પ્રશ્નકર્તા :** એ તો ખબર પડે છે કે વિષયથી સાચા સુખની ખબર નથી પડતી, છતાં એ થઈ જાય છે.

**દાદાશ્રી :** થાય તેનો વાંધો નથી. આ 'અક્રમ વિજ્ઞાન' છે, બહુ જુદી જાતનું વિજ્ઞાન છે ! નહીં તો એક જ 'ડિસ્ચાર્જ' ત્યાં ક્રમિકમાં ચાલવા ના દે. અમે તો આખી જિંદગીના 'ડિસ્ચાર્જ' ચલાવી લીધા છે.

## વ્રત કરાવે આત્માનો સ્પષ્ટ અનુભવ

આ 'અક્રમ વિજ્ઞાન' ઊંચી જાતનું છે. અમે તો આ બધું અમારું નિરીક્ષણ કરીને અનુભવનું આ વિજ્ઞાન મૂક્યું છે. કેટલાય અવતાર પહેલાંના નિરીક્ષણ હશે, તે આજે તમને મહીં લખાઈ ગયું.

મોટામાં મોટી હરકત તો બહાર બધે દૃષ્ટિ ખરાબ રાખવી તે છે. બીજું, એથી આગળ આમાં શું કરવું પડે કે આ જેમ વરસમાં સ્કૂલમાં દોઢ મહિનો રજા પડે છે એવું આ વિષયમાં જો એવી છ મહિના રજા લઈ લે તો એને ખબર પડી જાય

કે આ સુખ ક્યાંથી આવે છે ? એટલે આ તો તેને સુખ આવે છે એ ચોક્કસ, પણ પરીક્ષા થતી નથી કે સાચું સુખ આમાં કયું ? અમને જુઓ ને, ચોવીસેય કલાક એકલા રૂમમાં બેસાડી રાખે ને, તોય એ જ આનંદ હોય. જોડે કોઈ એકાદ માણસ હોય તોય એ જ આનંદ હોય અને લાખો માણસ હોય તોય એ જ આનંદ હોય. એનું કારણ શું ? અમારે નિરાલંબ સુખ ઉત્પન્ન થાય, અવલંબન જોઈએ નહીં. જગત આખુંય, જીવમાત્ર પરસ્પર છે, એટલે એકબીજાનું અવલંબન જોઈએ. તેથી તો આ લોકોએ લગ્નની શોધખોળ કરેલી કે લગ્ન કરો, પછી સામસામી અવલંબન મળી રહે !

'હું શુદ્ધાત્મા છું' એ શબ્દનું અવલંબન છે. પણ એ લીલી ઝંડીનો પ્રવેશ છે ! અને છેલ્લામાં છેલ્લું નિરાલંબ આત્મા, એને શબ્દનું કે કોઈ અવલંબન નહીં, એવો નિરાલંબ આત્મા ! ત્યાં સુધી હવે ગાડી ચાલે. પણ એક ફેરો શબ્દાવલંબનથી ગાડી ચાલવી જોઈએ અને એ શબ્દાવલંબનવાળો શુદ્ધાત્મા અનુભવ હઉ આપે ! એટલે પૂછવા જેવું કશું નથી. આત્મા એકલો જ જાણવા જેવો છે. જે 'લક્ષ'માં આવ્યો, એ આત્મા જાણવા જેવો છે. આ માર્ગ સરળ છે, સહજ છે, સુગમ છે. પોતાની જાતને લક્ષમાં રાખી બધું પૂછવું, પુદ્ગલનું ધ્યાન રાખવાની જરૂર નથી. આત્મા તમારી પાસે રહ્યો, તેનું ધ્યાન રાખવાનું છે. આત્માનો સ્પષ્ટ અનુભવ કરવો હોય તો વિષય છ-બાર મહિના બંધ કરવા. આ બધા અનુભવ તો થયા કરે છે, પણ બંને જોડે રહે તો ખબર ન પડે કે 'સુગંધી' ક્યાંથી આવે છે ? અમારી આજ્ઞાનો અમલ કર્યા પછી પ્રતિક્રમણ કરવાની શરૂઆત કરો. પછી જ એ વિષય છૂટશે.

અમારું આ જ્ઞાન, આ જે જે વાત કરીએ છીએ ને, એ બધાનો અમલ કર્યા પછી મહિનો-મહિનો દોષોના પ્રતિક્રમણ કરો. એટલે આપણને પોતાને ખાતરી થઈ જાય કે આ જ સાચું છે. આત્માની અનંત શક્તિ છે. કેટલાંકને બ્રહ્મચર્યવ્રત લીધા પછી ચમત્કાર થાય છે. પછી બહુ સુંદર પરિણતિ રહે છે અને પછી મનમાં વિષયના વિચારો જ બંધ થઈ જાય છે. પછી વિષય એને ગમે જ નહીં ! માણસને સુખ જ જોઈએ છે. તે સુખ મળતું હોય તો પછી કાદવમાં હાથ ઘાલવા કોઈ તૈયાર ના થાય. આ તો બહાર તાપ લાગે છે એટલે કાદવમાં હાથ ઘાલે છે, ઠંડક લાગે એટલા માટે, નહીં તો કાદવમાં કોઈ હાથ ઘાલતું હશે ? પણ શું થાય ?

**પ્રશ્નકર્તા :** પણ દાદા, પેલો આજ્ઞાનો ઉપયોગ રહે ને, તો વધારે આનંદ રહે ને !

**દાદાશ્રી :** એની તો વાત જ જુદી ને ! બ્રહ્મચર્ય પછી પાળવાનું.

## ટ્રાયલ લેવા નિયમ-વ્રતના

એક છ-બાર મહિના સ્ત્રી વિષયથી છેટાં થાય ને, તો જ ભાન આવે. આ તો ભાન જ નથી. આખો દહાડો એનું ઘેન ચઢ્યા કરે ને ઘેનમાં ને ઘેનમાં ફર્યા કરે. એટલે મહાત્માઓને કહીએ છીએ કે છ મહિના કે બાર મહિના કંઈક કરો ને ! તમારે શું વાંધો છે ? થોડા-ઘણાએ એવું મનમાં નક્કી કર્યું ને વ્રતને ટ્રાયલમાંય મૂક્યું. તે બધાય મૂકે તો કામ થઈ જાય ને ! અત્યારે આ મોક્ષનું સાધન મળ્યું છે. બીજી બધી ખાવા-પીવાની છૂટ, આ એકલું જ નહીં. એનું વર્ણન ભગવાને કર્યું છે ને ! તે વર્ણન જો કદી કરવા જાય ને, આખું વર્ણન સાંભળે તો માણસ મરી જાય.

જાનવરો સારા, બળ્યા ! એને કંઈ નિયમ હોય. આ (મનુષ્યો) તો જાનવરો જ જોઈ લો ને ! કારણ કે હજુ ઘેનમાં ને ઘેનમાં રહ્યા કરે છે. પરમ દિવસે ચાર-પાંચ મહાત્માઓએ કહ્યું, હું તો એ થઈ ગયો, કે 'અલ્યા, હજુ આવા માણસો છે !' આપણને કેમ શોભે ? બીજું બધું કરો ને, (બીજા) બધા વિષયોની છૂટ છે. આ વિષય બંધનકારક છે.

સામી ફાઈલ છે, ક્લેઈમ છે આ તો. ત્રીસ વર્ષ સુધી બધા ફોર્સ હોય તો ઠીક છે અને ફોર્સ હોય તોય, પણ જેનો દૃઢ નિશ્ચય છે, એને શું થવાનું ? બધું ખાવા-પીવાની છૂટ. છતાં પણ ખાવામાંય હરકત નહીં રાખો તો એ નુકસાન કરશે પછી. એનો ફોર્સ ત્યાં (વિષયમાં) જાય ને !

મોક્ષે જવું હોય તો વિષય કાઢવો પડશે. વિષયોનો સ્વભાવ કેવો છે ? આજથી દસ દહાડા વિષય બંધ એવું નક્કી કરીએ તો તે પ્રમાણે ચાલ્યા કરે ને ત્રીજે દહાડેથી જ આનંદ વધે, પણ જો વિષયમાં પડ્યો તો ફસાયો. પછી બહાર ના નીકળાય. વિષયની બાબત નિર્ણયાત્મક હોવી જોઈએ.

## 'જાગૃતિ'થી તૂટે હક્કના વિષયો

અમે તો કેટલાંય અવતારથી ભાવ કરેલા. તે અમને તો વિષય માટે બહુ જ ચીઢ, તે એમ કરતાં કરતાં છૂટી ગયા. વિષય અમને મૂળથી જ ના ગમે. પણ શું કરવું ? કેમ છૂટવું ? પણ અમારી દૃષ્ટિ બહુ ઊંડી, બહુ વિચારશીલ, આમ ગમે તેવાં કપડાં પહેરેલાં હોય તોય બધું આરપાર દેખાય નર્યું, એમનું એમ દૃષ્ટિથી ચોગરદમનું બહુ દેખાય. એટલે રાગ ના થાય ને ! અમને બીજું શું થયું કે આત્મસુખ પ્રાપ્ત થયું. જલેબી ખાઈએ, ત્યાર પછી ચા મોળી લાગે. એમ આત્માનું સુખ જેને પ્રાપ્ત થઈ ગયું, તેને વિષયસુખ બધા મોળાં લાગે.

વિષય ક્યારે જાય ? એ વિષય તો જાગૃતિથી જાય. વિષય એમ ને એમ જાય એવો નથી. છેલ્લો વિષય, એક હક્કનો વિષય પણ તૂટે ક્યારે ? જાગૃતિ હોય તો. જાગૃતિ કોનું નામ કહેવાય કે આમ સ્ત્રી-પુરુષ કપડાં પહેરેલાં છતાં નાગા દેખાય, પછી 'સેકન્ડ વિઝને' ચામડી ખસી ગયેલા દેખાય અને 'થર્ડ વિઝને' અંદર બધું ચૂંથાઈ ગયેલો બધો માલ હોય એવું દેખાય. આ ત્રણ વિઝન 'એટ એ ટાઈમ' એક મિનિટની અંદર જ થઈ જાય. હવે એટલી જાગૃતિ હોય ત્યારે છેલ્લા સ્ટેશનમાં પહોંચાય. આખી દુનિયામાં જાગૃતિવાળા કેટલા ? સો-બસો માણસ હશે ને ? કોઈ કાળે એક જાગૃતિવાળો હોતો નથી. આ કાળમાં જ આ હું એકલો છું. આવા જાગૃતિવાળા તો હોતા હશે ? પોતે દેહધારી થઈ અને આવી જાગૃતિ તો હોતી હશે ? મોટો સાયન્ટિસ્ટ હોય કે માનસશાસ્ત્રી હોય, પણ આવી જાગૃતિ જ ના હોય ને !

આ જ્ઞાન હોય છતાં પણ એક્ઝેક્ટ આત્મઅનુભવ તો બ્રહ્મચર્ય વગર ના થાય. ખરો આનંદ, અમારા જેવું પદ એ બધું જોઈતું હોય તો સંપૂર્ણ બ્રહ્મચર્ય જોઈએ અને ઠેઠ છેલ્લે તો વિષય પર ચીઢેય નહીં અને રાગેય નહીં એવું હોય ત્યારે ખરો અનુભવ થાય. પણ પહેલાં તો વિષયો પર ચીઢ ઉત્પન્ન થવી જોઈએ. એટલે પછી ચિત્ત વધારે શોધખોળ કરે અને એમ એમ ચિત્ત છૂટતું જાય, પછી છેલ્લે ચીઢેય ના રહે.

અમને તો 'એટ એ ટાઈમ' કેટલાંય પાર વગરના દર્શન બધા ફરી વળે ! વાણીમાં તો કેટલાંક જ નીકળે તેવા હોય અને તમને જ્યારે સમજાવીએ ત્યારે તો અમુક જ નીકળે. તેય સંજ્ઞામાં મહીં જે સમજાયું હોય તેવું તો ના જ હોય ને ! છતાં પણ જ્ઞાની પુરુષની વાણી છે એટલે સાંભળનારને ક્રિયાકારી થયા વગર રહે નહીં.

## આત્મસુખ લાધે, ત્યાં વિષય છૂટે

**પ્રશ્નકર્તા :** શ્રીમદ્ રાજચંદ્ર આટલી ઊંચી કક્ષાના હતા, છતાં પણ એમનેય આ સંસાર ભોગવવો પડ્યો, એનું શું કારણ ?

**દાદાશ્રી :** છૂટકો જ નહીં, કોઈને પણ. જેટલો લમણે લખેલો છે ને, એ સંસાર કોઈને ભોગવ્યા વગર છૂટકો જ નહીં. એ ડિસ્ચાર્જ છે. એમણે ઘણું તપ કર્યું પણ તપ-બપ કશું વળે નહીં. એ ચાલે નહીં ત્યાં આગળ. પણ ત્યાં આગળ ડિસ્ચાર્જ

કહેવાય નહીં. કારણ કે ક્રમિક માર્ગ ને ! એટલે મહામુશ્કેલી. ગમે નહીં ને થાય નહીં, મહામુશ્કેલી ! મહાવીર ભગવાનનેય ત્રીસ વર્ષ સુધી સંસાર હતો. સંસાર કંઈ નડતો નથી, તમારી અણસમજણ નડે છે. જ્ઞાની પાસેથી જ્ઞાન લીધા પછી રહ્યું શું, ત્યારે કહે, અણસમજણ તમારી.

**પ્રશ્નકર્તા :** એ જ કાઢવાની મુશ્કેલ છે.

**દાદાશ્રી :** નહીં, એક જ વખત સમજવાથી અણસમજણ કાયમ માટે ઉકેલાઈ જાય. દુનિયામાં મુશ્કેલી જેવી વસ્તુ જ કશી હોતી નથી ને ! કોઈ વસ્તુ મુશ્કેલ નથી હોતી.

**પ્રશ્નકર્તા :** એ મુશ્કેલ છે એવો ખ્યાલ પાછો આવે. એને લીધે મુશ્કેલી વધી જાય ને ?

**દાદાશ્રી :** વધી જ જાય ને ! પછી મુશ્કેલીની પરંપરા થાય છે. જેવું બોલે એવો, ચિંતવે એવો તરત થઈ જાય. આ જે એનો સ્વભાવ છે અને આ જ્ઞાન આપ્યા પછી તો રહ્યું શું, કશું જ રહેતું નથી. આત્મા એ જ બ્રહ્મચર્ય છે. જેને આત્મસુખ લાધે, તેને અબ્રહ્મચર્યના વિચાર જ ના આવે !

'જ્ઞાની પુરુષ'ને કેવું સરસ દેખાતું હશે ! બધે શુદ્ધાત્મા જ દેખાય. અમે નવમા ગુંઠાણામાંથી દસમા ગુંઠાણામાં જ્યારે ખસ્યા, ત્યારથી એય પાર વગરનું સુખ અનુભવ્યું ! એ સુખનો એક છાંટો જો બહાર પડે ને માણસ એ ચાખે તો વરસ દહાડા સુધી તે પરમ સુખિયો થઈ જાય ! આ વિષયને લીધે જ બધી રીતે અંતરાયું છે ને આ જ મહારોગ છે ! આપણને 'શુદ્ધાત્મામાં જ સુખ છે' એવું યથાર્થપણે સમજાઈ જાય તો વિષયમાં સુખ ના રહે.

## અગિયારમું આશ્ચર્ય - અસંયતિ પૂજા

આ 'એ.એમ.પટેલ' દેખાય છે તે તો મનુષ્ય જ છે, પણ 'એ.એમ.પટેલ'ની જે વૃત્તિઓ છે અને જે એમની એકાગ્રતા છે તે 'પર રમણતા'ય નથી ને 'પરપરિણતિ' પણ નથી. નિરંતર 'સ્વપરિણામ'માં જ મુકામ છે ! નિરંતર 'સ્વપરિણામ' વર્લ્ડમાં કો'ક વખત, હજારો-લાખો વર્ષે હોય ! 'સ્વરમણતા' અમુક અંશે થાય, પણ સર્વાંશે સ્વરમણતા સંસારી વેષે ના હોય. એટલે આશ્ચર્ય લખ્યું છે ને ! 'અસંયતિ પૂજા' નામનું ધીટ આશ્ચર્ય છે આ !

છતાં આ વિજ્ઞાન ગમે તેને, પૈણેલાનેય મોક્ષે લઈ જશે, પણ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ચાલવો જોઈએ. ભરત રાજાને તેરસો રાણીઓ હતી તોય મોક્ષે ગયા ! જો રાણીઓ નડતી હોય તો મોક્ષે જાય ખરા ? તો શું નડે છે ? અજ્ઞાન નડે છે. આટલા બધા માણસો છે, તેમને કહ્યું હોત સ્ત્રી છોડી દો તો એ બધા સ્ત્રી ક્યારે છોડત અને ક્યારે એમનો પાર આવત ? એટલે કહ્યું, સ્ત્રી છો રહી. જો છૂટ આપી છે ને બધી !

## દાદા જે વાટે ચાલ્યા, બતાવી તે જ વાટ

'દાદા' જે રસ્તે ગયા છે, એ જ રસ્તો તમને બતાવ્યો છે. એ જ રસ્તે 'દાદા' તમારાથી આગળ છે. કંઈ રસ્તો જડશે કે નહીં જડે ?

**પ્રશ્નકર્તા :** જડશે.

**દાદાશ્રી :** સો ટકા ? નક્કી ?

**પ્રશ્નકર્તા :** હા, સો એ સો ટકા, નક્કી !

**દાદાશ્રી :** 'દાદા' તો બધા રોગ કાઢવા આવ્યા છે. કારણ કે 'દાદા' સંપૂર્ણ નીરોગી પુરુષ છે. એમના આધારે જે રોગ કાઢવા હોય, તે જતા રહેશે. એમનામાં કોઈ પણ રોગ નથી, સંસારનો એક પણ રોગ એમનામાં નથી. એટલે જે જે રોગ તમારે કાઢવા હોય તે નીકળી જશે.

એટલા માટે અમે તમને કહીએ છીએ કે પછી પોતાની મેળે તમે પોલ મારશો તો તમને માર પડશે. અમે તમને ચેતવી દઈએ. અત્યારે રોગ નીકળશે, પછી નહીં નીકળે. જો મારામાં સહેજ

પણ પોલ હોત તો તમારો રોગ ના નીકળે. હિંમત આવે છે કાંઈ ?

**પ્રશ્નકર્તા :** હા, પૂરેપૂરી હિંમત આવે છે.

**દાદાશ્રી :** મારે તો 'ઓપન ટુ સ્કાય' જેવું છે. એક વાળ જેટલી પણ ચીજ ગુપ્ત રાખેલી નથી. આ જ્ઞાન થયા પછી અબ્રહ્મચર્યનું મનથી પણ કોઈ દહાડો મેં સેવન નથી કર્યું.

વિષય મને વિચાર સરખોય નથી આવતો. સ્ત્રીઓ દેખીને મને વિષય ઉત્પન્ન ના થાય. કારણ કે મને આત્મા જ દેખાય. નિર્વિચાર દશા, નિરીચ્છક દશા, કોઈ પણ પ્રકારની ઈચ્છા જ જેને નથી. આજ અઠ્ઠાવીસ વર્ષથી અમને (વિષયનો) વિચાર જ નથી આવેલો. નિર્વિકારી દશા, નિર્વિકલ્પ દશા, કોઈ વિકલ્પ જ નહીં. આ તો જગતનું કલ્યાણ કરી નાખશે !

અમને આરપાર બધું દેખાય. જેને આરપાર દેખાયા કરે, તેને કેમનો મોહ થાય તે ?

આ જ્ઞાન એવું છે કે જ્યારે ત્યારે તમને આવી દૃષ્ટિ કરાવશે. કારણ કે જ્ઞાનના આપનારાની દૃષ્ટિ આવી છે, મારી દૃષ્ટિ આવી છે. એટલે જ્ઞાનના આપનારાની જેવી દૃષ્ટિ હોય તેવી દૃષ્ટિ થાય.

**- જય સચ્ચિદાનંદ**

---

## દાદાવાણીના આજીવન સભ્યો તથા વિદેશોમાં વસતા તમામ સભ્યો માટે

### તમામ આજીવન સભ્યો માટે

દાદાવાણી મેગેઝીન છેલ્લા ૨૭ વર્ષથી નિયમિત રૂપે આજીવન સભ્યોને પોસ્ટ થાય છે. વર્તમાન પરિસ્થિતિની વાત કરીએ તો પેપર, પ્રિન્ટીંગ તથા પોસ્ટીંગમાં થતા સતત ભાવવધારાને કારણે છેલ્લા ઘણા વર્ષોથી મેગેઝીન ખોટમાં ચાલી રહ્યું છે. પરિણામે હવે આજીવન સભ્યોને મેગેઝીન પહોંચાડવું ખૂબ મુશ્કેલ બન્યું છે. માટે જેઓ આજીવન સભ્ય હતા, તેમને મેગેઝીન જોઈતું હોય તો હાલના ભાવ પ્રમાણે ફરીથી લવાજમ ભરવાનું રહેશે. ફેબ્રુઆરી ૨૦૨૩થી આજીવન સભ્યોને મેગેઝીનનું પોસ્ટીંગ બંધ થઈ જશે.

જો આપને વિના મૂલ્યે મેગેઝીન જોઈતું હોય તો ડિજિટલ ફોરમેટમાં satsang.dadabhagwan.org અથવા Akonnect પરથી ડાઉનલોડ કરી શકો છો.

### વિદેશમાં (ભારત સિવાય) વસતા સભ્યો માટે

વિદેશમાં (ભારત સિવાય) વસતા સભ્યોને જણાવવાનું કે ત્યાં મેગેઝીન મોકલવાનો પોસ્ટીંગ ચાર્જ ખૂબ વધી ગયો છે. પરિણામે મેગેઝીન કરતા પોસ્ટીંગની કિંમત ખૂબ વધારે આવે છે. એટલે આજીવન ઉપરાંત પંદર કે પાંચ વર્ષના સભ્યોને પણ ફેબ્રુઆરી ૨૦૨૩થી મેગેઝીન પોસ્ટ કરવાનું બંધ થઈ જશે. આપને મળવાપાત્ર રિફંડ અંગે જાણ (Akonnect / E-mail પર) કરવામાં આવશે. વિદેશોમાં વસતા જે મહાત્માઓએ છેલ્લા એક વર્ષ દરમ્યાન વાર્ષિક લવાજમ ભર્યું છે, તેમને એમનું વર્ષ પૂરું થતા સુધી મેગેઝીન ચાલુ રહેશે.

### ભારતના ૧૫ / ૫ / ૧ વર્ષના સભ્યો માટે

ભારતના ૧૫ કે ૫ વર્ષના સભ્યોને એમના સભ્યપદની સમયમર્યાદા પૂરી થતાં સુધી મેગેઝીન ચાલુ રહેશે. તેજ રીતે વાર્ષિક સભ્યોને પણ મેગેઝીન ચાલુ રહેશે.

### લવાજમ માટેના નવા ભાવ

હવેથી (ફક્ત ભારત માટે) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ અને ૫ વર્ષનું લવાજમ રૂ. ૧,૦૦૦ રહેશે. વિદેશો માટે ફક્ત ડિજિટલ ફોરમેટમાં મેગેઝીન ઉપલબ્ધ રહેશે.

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### મુંબઈ

**૧૩-૧૪ જાન્યુ.** (શુક્ર-શનિ) સાંજે ૬ થી ૯ **- સત્સંગ ૧૫, જાન્યુ.** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ **- જ્ઞાનવિધિ**
**સ્થળ :** રેલ્વે પોલીસ ગ્રાઉન્ડ, વલ્લભબાગ એક્સ્ટેન્શન રોડની પાછળ, ઘાટકોપર (ઈ), મુંબઈ.
**સંપર્ક :** ૯૩૨૩૫૨૮૯૦૧

### પાલીતાણા

**૧૨ ફેબ્રુઆરી** (રવિ) સાંજે ૨-૩૦ થી ૫-૩૦ **- જ્ઞાનવિધિ**
**સ્થળ :** સરવૈયા નગર, આધોઈ ધર્મશાળાની પાછળ, તળેટી રોડ, પાલીતાણા. **સંપર્ક :** ૯૩૨૮૬૬૧૧૪૪

### સાવરકુંડલા

**૧૪ ફેબ્રુઆરી** (મંગળ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ **- સત્સંગ, ૧૫ ફેબ્રુઆરી** (બુધ) સાંજે ૬-૩૦ થી ૧૦ **- જ્ઞાનવિધિ**
**સ્થળ :** વી.જે.પારેખ આઈ હોસ્પિટલ ગ્રાઉન્ડ, હાથસણી રોડ, સાવરકુંડલા. **સંપર્ક :** ૯૪૨૬૫૨૮૮૦૨

### રાજકોટ

**૧૭-૧૮ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૭ થી ૧૦ **- સત્સંગ, ૧૯ ફેબ્રુઆરી** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ **- જ્ઞાનવિધિ**
**૨૦ ફેબ્રુઆરી** (સોમ) સાંજે ૭ થી ૧૦ **- આપ્તપુત્ર સત્સંગ**
**સ્થળ :** ઓપન ગ્રાઉન્ડ, બાલાજી હોલની પાછળ, કે.જી. ધોળકિયા સ્કૂલની સામે, રાજકોટ.
**સંપર્ક :** ૯૮૭૯૧૩૭૯૭૧

### જામનગર

**૨૦-૨૨ ફેબ્રુઆરી** (સોમ-બુધ) સાંજે ૭ થી ૧૦ **- સત્સંગ, ૨૧ ફેબ્રુ.** (મંગળ) સાંજે ૬-૩૦ થી ૧૦ **- જ્ઞાનવિધિ**
**સ્થળ :** પ્રદર્શન ગ્રાઉન્ડ, સાત રસ્તા સર્કલ, બસ સ્ટેન્ડ પાસે, જામનગર. **સંપર્ક :** ૯૯૨૪૩૪૩૬૮૭

### ધ્રાંગધ્રા ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

**૨૪ ફેબ્રુઆરી** (શુક્ર) - સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **સત્સંગ**
**૨૫ ફેબ્રુઆરી** (શનિ) - સાંજે ૭ થી ૧૦-૩૦ - **જ્ઞાનવિધિ**
**૨૬ ફેબ્રુઆરી** (રવિ) - **પ્રાણપ્રતિષ્ઠા** : સવારે ૧૦ થી ૧
- **પ્રક્ષાલ-પૂજન-આરતી** : સાંજે ૪-૩૦ થી ૭-૩૦

**સ્થળ : ત્રિમંદિર,** ફન પોઈન્ટ હોટલની પાછળ, હળવદ રોડ, ધ્રાંગધ્રા. **સંપર્ક :** ૯૪૨૬૮૫૦૨૯૯

**વિશેષ સૂચના :** પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

યુથ શિબિર : તા. ૨ થી ૪ ડિસેમ્બર ૨૦૨૨




DMHT શિબિર : તા. ૧૦ - ૧૧ ડિસેમ્બર ૨૦૨૨



જાન્યુઆરી ૨૦૨૩
વર્ષ-૨૮, અંક-૫
સળંગ અંક-૩૨૯

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## લગ્નજીવન દીપે ક્યારે ?

લગ્નજીવનને વખાણ્યું છે શાસ્ત્રકારોએ. લગ્નજીવનને કંઈ વગોવ્યું નથી. લગ્ન સિવાય બીજો ઈતર જે ભ્રષ્ટાચાર છે તેને વગોવ્યો છે. અને લગ્નજીવનેય છે તે ક્યાં સુધી કામનું, કે જ્યાં સુધી બન્નેનું માન સચવાય ત્યાં સુધી, પ્રેમ સચવાય, મન સચવાય. ધર્મને માટે આગળ વધવા માટે સ્ત્રી કરવાની છે. બેઉ સાથે રહે, આગળ વધે, પણ એ વિષયરૂપ થઈ ગયું. તે આગળ વધવાનું તો ક્યાં ગયું પણ વઢંવઢા કરે છે ! સ્ત્રી હોય અને વિષય ન હોય તો વાંધો જ નથી. હા, આપણા ઋષિ-મુનિઓ પૈણતા ને ! તે એક બાબો ને એક બેબી એટલે બસ, બીજું કંઈ નહીં. પછી ફ્રેન્ડશીપ હોય; એવું જીવન જીવવાનું છે.

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-99, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.